समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

---


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૬ ડિસેમ્બર : ૨૦૧૧ અંક : ૬



**: પરામર્શનસમિતિ :**

**ભગવતીકુમાર શર્મા** — પ્રમુખ

**રતિલાલ બોરીસાગર** — મધ્યસ્થ સમિતિના વરિષ્ઠ સભ્ય

**પ્રફુલ્લ રાવલ** — પ્રકાશન મંત્રી

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

મોહન પરમાર



# ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org




**(પરબ ઓનલાઈન)**

## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | – અને હવે આ છેલ્લો પત્ર । ભગવતીકુમાર શર્મા |
| **આ ક્ષણે** | તૃણના ગ્રહ સમા કવિ શ્રી ઉશનસ્‌ની વિદાય । યોગેશ જોષી, મુ. ઢાંકીસાહેબને શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક । યોગેશ જોષી |
| **કવિતા** | મૃત્યુ : એક દ્રુત-વિલમ્બિત ચર્યાગીતિ । સિતાંશુ યશશ્ચંદ્ર, કવિ શ્રી ઉશનસ્‌ની પંચત્વપ્રાપ્તિ । ચંદ્રકાન્ત શેઠ |
| **શ્રદ્ધાંજલિ** | કૌતુકમય કોળામણના કવિની ચિરવિદાય । ચંદ્રકાન્ત શેઠ, હેમંત દેસાઈ : કવિ, વિવેચકની વિદાય । ધ્વનિલ પારેખ, લોકપ્રિય સર્જકની વિદાય । કુમારપાળ દેસાઈ, ‘વહ હંસી બહુત કુછ કહતી થી’ : જ્ઞાનપીઠ પુરસ્કૃત શ્રીલાલ શુક્લની વિદાય । નવનીત જાની |
| **પરિષદ-પાથેય** | સંકલન : રાજેન્દ્ર પટેલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : ભરત સાધુ |
| **‘પરબ’ ૨૦૧૧ :વાર્ષિક સૂચિ** | ઊર્મિલા ઠાકર, પરિન્દા પટેલ |
| **આવરણ છબિ** | જગન મહેતા |

પરબ વર્ષ : ૬ ડિસેમ્બર : ૨૦૧૧ અંક : ૬

(પરબ પ્રકાશન)

# અનુક્રમ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | – અને હવે આ છેલ્લો પત્ર । ભગવતીકુમાર શર્મા 4 |
| **આ ક્ષણે** | તૃણના ગ્રહ સમા કવિ શ્રી ઉશનસ્‌ની વિદાય । યોગેશ જોષી 6, મુ. ઢાંકીસાહેબને શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક । યોગેશ જોષી 13 |
| **કવિતા** | મૃત્યુ : એક દ્રુત-વિલમ્બિત ચર્યાગીતિ । સિતાંશુ યશશ્ચંદ્ર 21, કવિ શ્રી ઉશનસ્‌ની પંચત્વપ્રાપ્તિ । ચંદ્રકાન્ત શેઠ 22, હવે ડર લાગે છે । ભરત ત્રિવેદી 24, જુઓ ને... । હરીશ મીનાશ્રુ 25 |
| **વાર્તા** | આઈ ઍમ સ્યોર... । નીલમ દોશી 26 |
| **વિદેશી સાહિત્ય** | દીવાલ પરનાં ચિત્રો । વ્રજનાથ રથ; અનુ. રેણુકા શ્રીરામ સોની 33 |
| **વિશેષ** | મૈત્રી-ઉત્સુક પ્રાજ્ઞ પ્રવાસપુરુષ । રમેશ ર. દવે 35 |
| **શ્રદ્ધાંજલિ** | કૌતુકમય કોળામણના કવિની ચિરવિદાય । ચંદ્રકાન્ત શેઠ 45, હેમંત દેસાઈ : કવિ, વિવેચકની વિદાય । ધ્વનિલ પારેખ 48, લોકપ્રિય સર્જકની વિદાય । કુમારપાળ દેસાઈ 50, 'વહ હંસી બહુત કુછ કહતી થી' : જ્ઞાનપીઠ પુરસ્કૃત શ્રીલાલ શુક્લની વિદાય । નવનીત જાની 53 |
| **દૃશ્ય-શ્રાવ્ય** | 'ખીચડી' એકાંકી વિશે લા૦ઠા૦ને પત્ર । મહેન્દ્રસિંહ પરમાર 55 |
| **પરિષદ-પાથેય** | સંકલન : રાજેન્દ્ર પટેલ 58 |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : ભરત સાધુ 67 |
| **'પરબ' ૨૦૧૧ : વાર્ષિક સૂચિ** | ઊર્મિલા ઠાકર, પરિન્દા પટેલ 68 |
| **આ અંકના લેખકો** | 86 |
| **આવરણ છબિ** | જગન મહેતા |

# પરિષદ-પ્રમુખનો પત્ર

## – અને હવે આ છેલ્લો પત્ર

વર્ષ ૨૦૦૯ના ડિસેમ્બરમાં નવસારીમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું ત્યારે મેં પરિષદના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. હવે આ મહિનાના અંતભાગે જૂનાગઢમાં પરિષદનું નવું અધિવેશન મળશે તે સાથે બે વર્ષનો મારો કાર્યકાળ પૂરો થશે. પરિષદ-પ્રમુખે પરિષદના મુખપત્ર 'પરબ'માં દર અંકે વાચકોને ઉદ્દેશીને પત્ર લખવો તેવી પ્રણાલી પૂર્વપ્રમુખ માનનીય ધીરુબહેન પટેલે શરૂ કરી હતી અને તેમના અનુગામી બકુલ ત્રિપાઠી, કુમારપાળ દેસાઈ તથા આદરણીય નારાયણભાઈ દેસાઈએ તે આગળ ધપાવી હતી. મેં પણ એ પરંપરાને જાળવવાનો નિર્ણય કર્યો અને તે અનુસાર મારા કાર્યકાળ દરમિયાન 'પરબ'માં મેં નિયમિત પત્રો લખ્યા. મારા કાર્યકાળની સમાપ્તિ સાથે એ સિલસિલો હવે સમાપ્ત થાય છે અને મારો આ છેલ્લો પત્ર છે. હવે પછીનું સૂત્ર મારા અનુગામી પ્રમુખ પાસે રહેશે.

'પરબ'માં પરિષદ-પ્રમુખના પત્રો લખવાનો મારો બે વર્ષનો અનુભવ સુખદ રહ્યો. મેં બને ત્યાં સુધી નિયમિતતા જાળવી જેથી 'પરબ'ના તંત્રી શ્રી યોગેશ જોષી અને એમના સાથીઓને કશી અગવડ ન પડે. યોગેશભાઈ અને એમના સાથીઓએ પણ મને જાળવી લીધો તે માટે હું તેઓનો આભારી છું. બે વર્ષના આ પત્રલેખનમાં મેં સાહિત્યને સ્પર્શતી બાબતોનો જ ઉલ્લેખ કરવાનું વલણ રાખ્યું અને તેને જાળવ્યું પણ ખરું. પરિષદ સાહિત્યસંસ્થા છે અને 'પરબ' તેનું મુખપત્ર છે તેથી પ્રમુખના પત્રને સાહિત્યકેન્દ્રી બનાવવાનો અભિગમ યોગ્ય લેખાય. મારા આ પત્રોના એકંદરે સારા પ્રતિભાવો મને જાણવા મળ્યા છે. થોડાક મિત્રોએ તો પત્રો લખીને પણ પોતાનો પ્રતિભાવ મને પાઠવ્યો. તેઓ સૌનો હું ઋણી છું. પત્ર શક્ય હોય ત્યાં સુધી મિતાક્ષરી, સંતુલિત અને સકારાત્મક દૃષ્ટિયુક્ત હોય તેની મેં શક્ય તેટલી કાળજી રાખી. આવા પત્રોની જો કશી ફલશ્રુતિ પ્રાપ્ત થવાની હોય તો તે યથાશક્ય વિધેયાત્મક સ્વરૂપની નીવડે તેની ખેવના રાખવાનું મેં યોગ્ય લેખ્યું.

આ બે વર્ષ દરમિયાન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે થોડીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓ બની; થોડાક વિશિષ્ટ પ્રવાહો ઉદ્ભવ્યા તેની કંઈક નોંધ લેવાનું પણ મારું વલણ રહ્યું. ક્યારેક કોઈક ચર્ચાસ્પદ મુદ્દાને પણ મેં સ્પર્શ કર્યો તે સાથે તેમાંથી નકારાત્મક વિતંડાવાદ ન જન્મે તે પરત્વે મેં કંઈક સજાગતા પણ દાખવી. કોઈને અન્યાય ન કરવાનું મારું વલણ છે અને આ પત્રોમાં જો એ પ્રતિબિંબિત થયું હોય તો તેને હું મારું સદ્ભાગ્ય લેખીશ.

એક અંગત વાત પણ નોંધી લઉં. પરિષદ-પ્રમુખનો કાર્યભાર અને પ્રમુખીય પત્રો

લખવાની જવાબદારી સંભાળ્યાં તે સાથે જ મેં મનોમન એક નિર્ણય કર્યો હતો જે આજે અહીં વિદાય વેળાએ પ્રગટ કરું છું. મેં નક્કી કર્યું હતું કે પરિષદ-પ્રમુખના કાર્યકાળનાં બે વર્ષ સુધી હું પ્રમુખીય જવાબદારીના એક ભાગરૂપે 'પરબ'માં માત્ર પત્રો જ લખીશ; મારી કોઈ સર્જનાત્મક કૃતિ હું 'પરબ'માં પ્રકાશનાર્થે તેના તંત્રીને મોકલીશ નહિ જેથી કૃતિ 'પરબ'માં પ્રગટ કરવાને યોગ્ય છે કે નહિ તેનો નિર્ણય કરવાની તંત્રીની જવાબદારી પર મારા પદનો કશો પ્રભાવ ન પડે. મને આનંદ છે કે મારા આ નિર્ણયને હું વળગી રહી શક્યો છું.

ગઈ તા. ૨૮ સપ્ટેમ્બરથી હમણાં સુધી દક્ષિણ ગુજરાતમાં સાહિત્ય સંદર્ભે આનંદ અને અવસાદના મિશ્ર પ્રસંગો ઉદ્ભવ્યા. ગુજરાતી ભાષાના મહાન કવિ શ્રી ઉશનસ્‌નું ગઈ તા. ૬ નવેમ્બરે બાણું વર્ષની વયે વલસાડમાં નિધન થયું તેનો શોક આપણને સૌને છે. સુરતમાં તા. ૨૮મી સપ્ટેમ્બરે તેમની બાણુંમી વર્ષગાંઠ પૂરા સાહિત્યિક ગૌરવ સાથે ઊજવાઈ. તેના થોડા દિવસ પછી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરની સાથે વલસાડ જઈ કવિવરને છેલ્લી વાર પ્રત્યક્ષ મળી આવવાનું પણ બન્યું. બહુ જ વિકટ શારીરિક સ્થિતિમાં પણ કવિ ઉશનસ્‌ની સ્મૃતિ તંતોતંત સતેજ હતી અને તેમનો આજીવન સાહિત્યરસ અક્ષુણ્ણ હતો તેની પ્રતીતિ પામીને અમે ધન્ય બન્યા. તે પછીના થોડાક જ દિવસમાં વીર નર્મદ દ. ગુ. યુનિ.એ કવિ ઉશનસ્‌ને તેમની અનુપમ સાહિત્યિક સિદ્ધિઓના ઉપલક્ષ્યમાં ડૉક્ટર ઑફ લિટરેચર (ડિ.લિટ.)ની માનદ્ પદવી આપવાનો નિર્ણય જાહેર કર્યો. તે જાણીને કવિશ્રીના ચહેરા પર અનન્ય પ્રસન્નતા પ્રગટી હતી તેવું વલસાડના કેટલાક મિત્રોએ જણાવ્યું. પણ શરીર છેવટે બળવત્તર નીવડ્યું અને ઉશનસે ચિરવિદાય લીધી. ઉશનસ્ જેવા બીજા અતિસમર્થ સૉનેટકવિ ગુજરાતી ભાષાને હવે મળે ત્યારે ખરા.

બીજી એક સંતોષપ્રેરક ઘટના દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાને ચાળીસેક વર્ષ થઈ ગયાં છે. સુરતના સપૂત અને આપણા સૌના સમર્થ શબ્દપૂર્વજ વીર કવિ નર્મદનું નામ આ યુનિવર્સિટી સાથે જોડાયાને પણ પાંચેક વર્ષ થયાં હશે. આશ્ચર્ય અને દુઃખની વાત એ કે આટલાં વર્ષો સુધી આ યુનિવર્સિટીમાં ગુજરાતીના સ્વતંત્ર અને પૂર્ણ કક્ષાના વિભાગનું અસ્તિત્વ જ નહોતું. એ વિભાગ સ્થપાય તે માટે પ્રયત્નો થતા રહ્યા હતા અને છેલ્લાં થોડાંક વર્ષોથી તો એ પ્રયત્નો પ્રબળ બન્યા હતા; એકાદ વાર તો નાવ કિનારે ડૂબ્યા જેવું પણ બન્યું હતું. પણ છેવટે હાલમાં જ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે નિર્ણય કર્યો અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને ગુજરાતીનો સ્વતંત્ર વિભાગ પ્રાપ્ત થયો છે. કવિ નર્મદને સુરતે આપેલી આ એક વધુ અને સમુચિત માનાંજલિ છે.

તા. ૧૬-૧૧-૧૧ **ભગવતીકુમાર શર્મા**

**યોગેશ જોષી**

# તૃણના ગ્રહ સમા કવિ શ્રી ઉશનસ્‌ની વિદાય

કવિમિત્ર હર્ષદ ત્રિવેદીનો SMS આવ્યો – કવિ શ્રી ઉશનસ્‌નું દુઃખદ અવસાન... તરત, શાળામાં ભણતી વેળા કિશોરચિત્તમાં ઊંડે સુધી રોપાયેલું સૉનેટ 'વળાવી બા આવી' સાંભર્યું. દિવાળીની રજા પૂરી થયા પછી એક પછી એક સંતાનોને વિદાય આપ્યા બાદ બાનું સંવેદન –

**'વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,**
**ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.'**

('સમસ્ત કવિતા', ૧૯૯૬, પૃ. ૪)

આ સૉનેટ ૨૮-૧૧-૧૯૪૩માં રચાયેલું. આ જ બાને અંતિમ વિદાય આપીને પાછાં આવતાં કવિને શું શું થાય છે એનું ૧૧ સૉનેટનું ગુચ્છ – 'વળાવી બા, આવ્યા' મે, ૧૯૬૫માં રચાયેલું, જેમાં પ્રથમ સૉનેટનો ઉઘાડ આમ થાય છે –

**'વળાવી બા, આવ્યા, જીવનભર જે સર્વ અમને**
**વળાવંતી આવી સજળ નયને પાદર સુધી'**

('સમસ્ત કવિતા', પૃ. ૩૫૨)

૨૪-૧૦-૧૯૭૯ના રોજ રચાયેલ કાવ્ય – 'ટીકુ ગાડીએ જતાં – ૩'માં દોહિત્રી ટીકુને ગાડીએ વિદાય આપીને પાછાં ફરતાં આ કવિ પણ બેસી પડે છે પગથિયે –

**'– ને હું બેસી પડું છું પગથિયામાં જ**
**એક દહાડો મારી બા બેસી પડી હતી તેમ અમારી વિદાયે,'**

('સમસ્ત કવિતા', પૃ. ૬૫૮)

કવિ શ્રી ઉશનસ્‌ને વળાવીને પાછા ફરતાં આપણેય જાણે બેસી પડીએ છીએ 'પૃથિવી'ના કોક પગથિયે ! ને ભીતર ખાલીપો ઘેરાતો જાય છે – (ઉશનસ્ જતાં જાણે) –

**'હવે કંદે છંદો, ગમગીન ગીતોના લય રડે,**
**પડ્યા ખાલીપાની ભીતર શબદાકાશ ખખડે,'**

('સમસ્ત કવિતા', 'હવે આવો' પૃ. ૪૧૧)

ઉશનસ્ જતાં જાણે 'રથ સમયનો'ય બેસી પડ્યો છે. 'નિશીથતરુ તળે'... ઉશનસ્ ભરપૂર જીવીને ગયા છે, એમની જીવનયાત્રા અને કાવ્યયાત્રાની ફલશ્રુતિ કઈ ?! –

**'છેવટે તો આ યાત્રા મુખમુખની સુખયાત્રા હતી !**
**કેટકેટલાં મુખોને ચૂપચૂપ ચાહવાનું મળ્યું !**

**અને બધાં જ મુખોમાં તારી જ રેખાના**
**ઉઘાડની ઓળખ એ તો આ પ્રેમયાત્રાની ફલશ્રુતિ છે.'**

('સમસ્ત કવિતા', 'તારા દૂર દૂરના પ્રવાસે નીકળ્યો હતો હે પૃથ્વી !' પૃ. ૬૧૫)

'કવિની કેફિયત' કાવ્યમાં એમણે કહ્યું છે :

**'મનખા જેવો જનમ દોહ્યલો મળિયો મારા ભાઈ !**
**કણકણમાં કૌતુક છે, નીચે-ઊંચે નરી નવાઈ !**
**વચમાં વિસ્મય શો સરકે છે સુરૂપનો સંસાર !**

**તાર તાર તારક શું તારા-મૈત્રકનો સંબંધ !**
**એકએક તૃણપત્તી સાથે રણઝણ ઋણાનુબંધ !**
**લ્હેરે લ્હેરે ડેરાતંબૂ, ને લ્હેરાઓય અપાર !**

('સમસ્ત કવિતા', પૃ. ૮૨૮)

સ્વસ્થ રહીને, કોઈ જ દુઃખ વગર, ઇચ્છાઓ અને સ્મૃતિ પણ ઉશેટીને, સાવ હળવા થઈને એમણે અંતિમ વિદાય લીધી છે ને પોતાની વિસર્જન વિધિય તેઓ જાતે જ કરીને ગયા છે ! 'વિદાય વેળાએ વિસર્જન વિધિ' – ની આ પંક્તિઓ જુઓ —

**'વિસર્જું, લ્યો, જાઓ ગગન મુજ, આદિ ગગનમાં,**
**મહારી પૃથ્વી તે પૃથુલ પૃથિવીમાં ભળી જજો;**
**મહારા પાંચેય ભૂત, અસલ પંચત્વ ભળજો,**
**રહેજો ના બાકી કંઈ જ હુતશેષે જગતમાં;**

**પરંતુ કેમે ના છૂટત હિય, જ્યાં પ્રીત ઊછરી;**
**જઉં કોને આપી સમજ ન પડે,**
**અનહદ ! તને લે, દઈ દઉં છું બ્રહ્માર્પણ કરી.'**

('શબ્દ મેં પ્રેમ ભણી વાળ્યો છે' પૃ.૧૦૦)

'શાંતિસૂક્ત'ની અંતિમ પંક્તિઓ —

**'કેટલું બધું દુઃખ ઉશનસ્ ! ચેતનાથી ચિત્તને !**
**એ દેહનેયે શાન્તિ હો, એ ચેહનેયે શાન્તિ હો.'**

('શબ્દ મેં પ્રેમ ભણી વાળ્યો છે', પૃ. ૧૨૭)

– ને ચેહ જાણે આંખ સામે જ દેખાય છે ઠરતી, પરમ શાન્તિમાં વિરમતી.

પૃથ્વીના કોક પગથિયે બેસી પડેલા આપણે ભારે હૈયે નજરને જરી ઊંચકીએ છીએ તો દેખાય છે તૃણ ! લીલુંછમ ! તડકામાં ચળકતું ચળક ચળક ! માટી સાથે ઊંડું જોડાયેલું ! પવનના છંદોલયમાં ફરફરતું ! ખુશખુશાલ ! ને તરત આંખ સામે દેખાય છે 'તૃણનો ગ્રહ' ! —

**'આને વળી કોણ કહે 'માટી' ?**
**આ તો નર્યા તૃણતણો ગ્રહ મસૃણ !**

**ક્યાંય જરા કોરી નથી પાટી**
**તૃણ... એક માત્ર તૃણ !'**

T

**'ધરા નભતણું કેવુંય તે અમી હશે ગઈ પી**
**(કેવી હશે ઉગ્ર પ્યાસ !)**
**કે નીકળ્યો જે તૃપ્તિતણો ઓડકાર 'હાશ'.**
**તે જ તો આ લીલું લીલું ઘાસ !**

('સમસ્ત કવિતા', 'તૃણનો ગ્રહ', પૃ. ૨૬૭)

થાય કે, ઉશનસ્ પણ માત્ર નભનું જ નહિ, સકલ વિશ્વનું અમી પીને ગયા છે ને ખોબે ખોબે જીવનભર પાઈને ગયા છે. ને સરોવરો ભરીને અમી પાછળ મૂકીને ગયા છે. ઘાસની જેમ કવિતા ફૂટી છે આ કવિને. ઊંચાં, મોટાં, ઘટાદાર વૃક્ષોની જેમ કવિતા ઉશનસ્માં મૂળ નાખીને પછી વિસ્તરતી ગઈ ને વનોનાં વનો રચાતાં ગયાં, ડુંગરાના ડુંગરા સરજાતા ગયા. પ્રચંડ ઘોડાપૂર સમયે વહેતી નદીઓનાં નીરની જેમ કવિતા આવી છે આ કવિની પાસે. પૃથ્વીના ઉદ્ભવની ક્ષણનો આદિમ આવેગ પમાય છે આ કવિમાં. સંવેદનોથી રસાઈને ને 'દર્શન'થી ઘૂંટાઈને પ્રકૃતિ આ કવિમાં મન મૂકીને પ્રગટ થઈ છે. 'શબ્દ મેં પ્રેમ ભણી વાળ્યો છે' (૨૦૦૭)ના નિવેદનમાં ઉશનસે નોંધ્યું છે :

'પ્રકૃતિનો મને પ્રેમ છે, ને પ્રેમ જ મારી પ્રકૃતિ છે. બધું એકાકાર થઈ ગયું છે.'

'સર્જકની આંતરકથા' (સં. ઉમાશંકર જોશી)માં પોતાની સર્જક આંતરયાત્રાની વાત કરતાં ઉશનસે નોંધ્યું છે :

'જંગલો-ઘાસ-પહાડ મને આદિમતામાં ખેંચી લઈ જાય છે તો તારા-વિશ્વો-આકાશ મને આધ્યાત્મિકતામાં વહી જાય છે.'

('સર્જકની આંતરકથા', પૃ. ૧૩૬)

સતત સાત દાયકા સુધી લેખનકાર્ય કરનારા, છેલ્લા શ્વાસ સુધી જીવનને અને જગતને અપાર વિસ્મયથી ચાહનારા ને ઉત્કટ સંવેદનાથી સમગ્રને પામવા મથનારા તૃણના ગ્રહ સમા ઉશનસ્નો જન્મ તા. ૨૮-૯-૧૯૨૦ના રોજ સાવલીમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ સિદ્ધપુર અને ડભોઈમાં, કૉલેજ વડોદરામાં; થોડો સમય (૧૯૪૨-૪૬) વડોદરામાં શિક્ષક, ત્યારબાદ ૧૯૪૭-૫૭ દરમિયાન નવસારીમાં તથા ૧૯૫૭થી ૧૯૮૦ સુધી વલસાડમાં અધ્યાપક / (થોડો સમય આચાર્ય) તરીકે કામગીરી. પ્રસૂન (૧૯૫૫)થી લઈને 'શબ્દ મેં પ્રેમ ભણી વાળ્યો છે.' (૨૦૦૭) સુધી પચીસેક કાવ્યસંગ્રહો, 'સદ્માતાનો ખાંચો' (સ્મરણકથા, ૧૯૮૮), 'વગડો' (લઘુનવલ, ૧૯૯૭), 'હળવાશની ક્ષણોમાં' (હાસ્યનિબંધો, ૧૯૯૮), 'ડોશીની વહુ અને બીજાં એકાંકી' (એકાંકીસંગ્રહ, ૨૦૦૩) આદિ કૃતિઓ એમની પાસેથી મળી છે. ૧૯૯૬માં 'સમસ્ત કવિતા'માં 'પ્રસૂન'થી 'મને ઇચ્છાઓ છે' સુધીના સંગ્રહોનાં કાવ્યો સમાવાયાં છે.

ઉશનસ્‌નો સર્જનાત્મક આવેગ ઘણી વાર એકાદ-બે સૉનેટથી અટકતો નથી, એમનો creative force એ જ વિષય-સંવેદન-કાવ્યને સૉનેટમાળા કે ગુચ્છમાં વિસ્તારે છે – જે એક સળંગ કાવ્ય તરીકે સોળે કળાએ ખીલે છે તથા એ સૉનેટમાળાનું દરેક સૉનેટ પણ એક સ્વતંત્ર સૉનેટ-કાવ્ય તરીકે પણ ગૂંજે-મહેકે છે. ઉશનસ્‌ દમના રોગથી પીડાતા હતા તો એ વિષય લઈનેય એમણે સૉનેટગુચ્છ રચ્યું છે. જેમાંના, 'શ્વાસનો હુમલો' સૉનેટમાં પંક્તિ છે – 'સૂરજ ટીકડી એફિડ્રિનની ગળી ગયો ઘૂંટડે !' આ ટીકડી લીધા પછી શ્વાસ શમે, જંપે; પણ રાતે આ ટીકડી લીધા પછી ઊંઘ ન આવે. આદવાના નશામાં અનેક કલ્પનો સૂઝે... પછીથી આ દવા પ્રતિબંધિત થયેલી. ઉશનસ્‌નાં કલ્પનોમાં આ દવાનોય અજાણપણે કોઈ ફાળો હશે ?!

ઉશનસ્‌ને 'ચિરંજીવી કવિતાના કવિ' તરીકે ઓળખાવતાં જયન્ત પાઠકે નોંધ્યું છે :

'કવિતામાં પ્રગટ થતું એમનું જીવનદર્શન પ્રકૃતિ-સંસ્કૃતિ પરત્વેની એમની તીવ્રોત્કટ સંવેદનશીલતાના રસાત્મક આવિષ્કાર રૂપ છે.'

કુમારચંદ્રક (૧૯૫૯), નર્મદચંદ્રક (૧૯૭૧), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૭૨), સાહિત્ય અકાદમી (દિલ્હી)નો પુરસ્કાર (૧૯૭૬), અરવિંદ સુવર્ણચંદ્રક (૧૯૭૮), 'સ્પંદ અને છંદ' માટે ભારત સરકાર દ્વારા વિશિષ્ટ પુરસ્કાર (૧૯૮૧), ગૌરવ પુરસ્કાર (૨૦૦૦), નરસિંહ મહેતા પુરસ્કાર (૨૦૦૧) આદિ સન્માન એમને મળ્યાં છે. ૧૯૯૧માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા.

પિતાજીના શુદ્ધ ઉચ્ચારવાળા સંસ્કૃત શ્લોકોનું ગાન તથા તહેવારોમાં ઘરમાં તથા ફળિયામાં વંચાતાં ધાર્મિક વ્યાખ્યાનો એમના કાનને ગળથૂથીમાં મળેલાં. એમણે ચિત્ર તથા સંગીતનીય થોડીક સાધના કરી હતી. બ. ક. ઠાકોર, સુન્દરમ્‌, ઉમાશંકર તથા કાલિદાસ, રવીન્દ્રનાથ જેવા કવિઓથી તેઓ પ્રભાવિત થયેલા. ગાંધીજી, શ્રી અરવિન્દ, વિનોબાજી જેવા યુગપુરુષોના સંસ્કારોથી એમનું 'દર્શન' રસાયું-ઘડાયું હતું. ભગવદ્‌-ગીતાના વિશ્વરૂપદર્શનથી તથા કાપ્રાદિના 'તાઓ ઑફ ફિઝિક્સ'માંના વિશ્વદર્શનથી તેઓ અભિભૂત થયેલા. ધરમપુર, વાંસદા ને ડાંગનાં જંગલોએ આ કવિ ઉપર જબરું કામણ કર્યું છે. આદિમ આવેગ તથા અપાર વિસ્મયથી એમની કાવ્યચેતના સતત રણઝણતી રહી છે તથા creative forceનું તો જાણે એમને વરદાન મળેલું છે.

'સમસ્ત કવિતા'માં, 'મારી કવિતા સર્જનયાત્રા : વહેણ અને વળાંક'માં એમણે નોંધ્યું છે :

'પૃથ્વી ઉપરનું તૃણ અને આકાશનું તારક તત્ત્વ – એ બંને વચ્ચેનું હું જાણે ટ્રાન્સમીટર છું.' —

**'જાણે હું કોઈ ગ્રહ છું તૃણ-તારકોનો**
**આ આભ ને અવનીની અધવચ્ચ ક્યાંક,**

**જાણે**
**હું તારકો ને તૃણની બિચોબિચ,**
**છું તારકો ને તૃણથી ખીચોખીચ !'**

('સમસ્ત કવિતા', 'તૃણ અને તારકો વચ્ચે', પૃ.૩૪૫)

આ કવિએ તૃણમાં તૃણબ્રહ્મનાં દર્શન કર્યાં છે. એમના 'કવિકાન' કેવા તો સરવા છે ! —

**'હું કાન ભૂમિતલ પે અડકાડી સૂતો,**
**કોલાહલે ઊંઘી શકું નહિ : ભૂમિ નીચે**
**ધાણી ફૂટે ત્યમ તડાતડ બીજ ફાટે**
**કાલે હશે તૃણ કૂણું લીલું જે પરોઢે !**

('સમસ્ત કવિતા', 'રાત્રિધ્વનિ', પૃ.૨૪૯)

આ કવિનાં કાવ્યોમાં સમય કશી મુદ્રા મૂકી ગયો છે. એમની કવિતામાં રથ પરથી ઊતરીને ચાલતા સમયનાં પગલાં જ્યાં જ્યાં પડે છે ત્યાં ત્યાં તૃણ ઊગી જાય છે ! —

**'અહીં લાગે : જાતે રથથી ઊતરી થોડું ચરણે**
**ચલ્યોયે છે, ઊગી પદ પદ ગયું છે તૃણ ત્યહીં.'**

('સમસ્ત કવિતા', 'વળી પાછા વતનમાં', 'સમયરથ', પૃ.૨૯૦)

T

**'દગો મીંચી ન્યાળું : કબર તણી મિટ્ટી તૃણ તૃણ !'**

. . . . . . . . . . . . .

**'સૂતેલી મિટ્ટીપે નવલ તૃણ રોમાંચ લહરે !**
**જનેતાનું જોઈ તૃણરૂપ વિભુ આ શિર ઢળે !**

('સમસ્ત કવિતા', 'વળી પાછા વતનમાં', 'ઘાસ અને કાળ' પૃ. ૨૯૨)

T

**'અષાઢે તણખલું ના તોડીએ જી,**
**એ જી, એ તો ફૂટતું રે ઘાસ,**
**એમાં ધરતીના શ્વાસ,**
**એની પત્તીની પીમળમાં પોઢીએ જી.'**

('સમસ્ત કવિતા', 'અષાઢે' પૃ.૩૨૮)

સાપ-ઉતારા, ડાંગમાં સ્ફુરેલા સૉનેટ-ગુચ્છ 'અનહદની સરહદે'માં કવિ નામવિણનાં નર્યાં આશ્ચર્યોમાં યાત્રા કરે છે ને તરુરૂપે દૂઝે છે !

**'ગુમાવી બેઠો છું પરિચય મહારો જ ખુદ હું,**
**પરંતુ પામ્યો છું કશીક તરુસંજ્ઞા અવનવી.'**

('સમસ્ત કવિતા', 'અનહદની સરહદે', 'વનમાં સડક', પૃ.૩૪૦)

કવિ જાણે તૃણમાં, તરુમાં, વનમાં ઓગળી જાય છે ને નામ કે ઉપનામ કશું બાકી રહેતું નથી ! —

**'હવે મારું કોઈ નવું જૂનું રહ્યું નામ જ નથી,**
**અનામી કો આદિ વનનું બસ છું સત્ત્વ હું હવે;'**

('સમસ્ત કવિતા', 'અનહદની સરહદે', 'પહાડોની પેલી પાર', પૃ. ૩૪૨)

'તૃણબ્રહ્મની લીલા' તથા 'કેટલીક તૃણ-ક્ષણો' (એક એકસ્ટસી) નામે આ કવિ પાસેથી હાઈકુ-માળા પણ મળે છે ! છંદોલય તથા લાઘવની સભાનતા કવિના સર્જનાત્મક આવેગને નિયંત્રિત કરે છે. આ કવિની સિસૃક્ષામાં ક્યારેય ઓટ નથી આવી, હંમેશાં ભરતી જ ભરતી રહી છે.

આ કવિનો 'હું' – 'તૃણમય હું' – કેવી કેવી રીતે પ્રગટ થાય છે ! —

**'ખબર નહીં હું શું છું ! અડધો, ખૂલી જઉં બીડમાં,**
**અરધ, ભીતરે પંખી જેવો લપી જઉં નીડમાં.'**

('સમસ્ત કવિતા', 'વિવરણ-આવરણ', પૃ. ૭૫૯)

T

**'હવે હું ડૂંખાળું વિપુલ પરણોવાળું તરું છું'**

('સમસ્ત કવિતા', 'ચકલીઓ', પૃ.૭૬૭)

T

**'હું ઇચ્છારૂપે તો કુસુમથી ખચ્યા વૃક્ષ સરખો'**

. . . . . .

**'મટોડીનું હું તો અસલ પ્રથમી રોડું, બીજથી**
**ભરેલું છું, ખેડ્યા વગરનું અને કાચું ઊખડ્યું**

T

**'હું પૃથ્વી, ના મારે ભવલયથી છૂટી, સરી જવું,**
**હું માણું જન્મોમાં ઋતુપુલક, ફૂટી ખરી જવું.**

('સમસ્ત કવિતા', 'મને ઇચ્છાઓ છે', પૃ.૮૯૭)

'અશ્વત્થ' (૧૯૭૫) સંગ્રહમાં કવિ કહે છે :

**'પલ્પલ્તો એ હું પીપળો**
**છંદો છે પાંદડાં જેનાં'**

('સમસ્ત કવિતા', પૃ.૪૦૯)

છંદો જ પોતાનાં પાંદડાં છે ને છંદો પર પૂરું પ્રભુત્વ છે એવા આ કવિએ ગદ્યસૉનેટ પણ રચ્યું છે ! – 'વસંતના એક વંટોળમાં' – (વસંતનો વંટોળ જ કદાચ છંદમુક્તિ ભણી ખેંચી જતો હશે ?!) – જેમાં કવિ પોતાનો પરિચય આ રીતે આપે છે —

**'હું હવે શબ્દમય છું, લયમય છું, હું ભાષામાં છું ને ભાષા આખી છે ઉપરતળે,**
**શબ્દનો અર્થ જ હવે વંટોળે ચઢ્યો છે સૂકું તણખલું થૈં;'**

. . .   . . .

**'મારી કૃતિમાં હવે નથી પાણિનિની કોઈ ચાલ, હું નથી તો વ્યાકરણમાં કે નથી વસ્તુમાંય,**
**હું હવે નર્યો અર્ધસ્વપ્નનો જલ્પ છું, પતંગિયાની ઊડાઊડ જેવો અજંપ ને**

**અસ્થાયી,**
**અને આ ઊડાઊડ તે કેવીક ? પર્વની પાગલ ભરતીમાં વહાણનું થાય છે એમ જ;**
**દરિયા વાટે જ નદીમાં પ્રવેશ કોઈ ધક્કાથી; એમ મારો બધો અર્થ**
**ધસે છે વાણીના આદિ કુળ તરફ;**
**પ્રાસને છેડેથી જ પકડી લઉં છું કોઈ ગીતપંક્તિની ડાળ, દ્વારા જ પ્રવેશું છું**
**વૃક્ષના આદિ મૂળ તરફ...**

('સમસ્ત કવિતા', 'વસંતના એક વંટોળમાં' (એક ગદ્ય સૉનેટ) પૃ.૯૧૭)

T

**'હું યે મૂળે કશો તડકો જ;'**

('સમસ્ત કવિતા', 'તડકિત કૃતિઓ', પૃ.૪૧૪)

આ કવિને વેદનાયે વેદ જેવી લાગી છે. પ્રણય અને પ્રકૃતિ વિષયક એક્સ્ટસી કાવ્યો એ એમનું વિશિષ્ટ અને વિલક્ષણ પ્રદાન છે. એમણે માણસ અને પૃથ્વીના ચહેરાને ભરપૂર ચાહ્યો છે. એમણે સ્પંદ અને છંદ ચેતનાના ઊંડાણમાં ઝીલ્યા છે અને શબ્દને પ્રેમ ભણી વાળ્યો છે. હાઈકુ તથા ગઝલના વળાંકેય તેઓ ગયા છે. અનહદની સરહદે ઊભા રહીને એમણે આ પાર અને પેલે પારનું દર્શન કર્યું છે ને પોતાનું આકાશ અને પોતાનાં નક્ષત્રો પ્રગટાવ્યાં છે. આ કવિના શબ્દો તો 'ઋતુઋતુના જીવ' છે ! 'અનહદની સરહદે', 'રસ્તો અને ચ્હેરા', 'પ્રશાન્ત ક્ષણ', 'પૃથ્વીગતિનો છંદોલય', 'વળાવી બા આવી', 'સોહાગરાત અને પછી' જેવાં સૉનેટ / સૉનેટમાળા ઉપરાંત 'રામની વાડીએ', 'ડુંગરા', 'અષાઢે' તથા 'ધન્ય ભાગ્ય' જેવાં ચિરંજીવ ગીતોયે એમની પાસેથી મળ્યાં છે —

**'બાઈ રે, તારાં ભાગ્ય મહા બળવાન :**

. . . . . .

**બચિયું એટલું એળે, અહીં તો લૂંટવ્યું એટલી લ્હાણ !'**

('સમસ્ત કવિતા', 'ધન્ય ભાગ્ય', પૃ. ૪૩)

T

**'રામની ભોંયમાં રામની ખેતરવાડીએ જી.**
**આપણા નામની અલગ છાપ ન પાડીએ જી.'**

('સમસ્ત કવિતા', 'રામની વાડીએ', પૃ.૬૭)

'ઉશનસ્' નામની છાપ પણ જાણે ભળી ગઈ રામની ભોંયમાં, રામની ખેતરવાડીએ. બા-ઘર-વતન-સીમ-વન બાબતે આ કવિનું એમના મસિયાઈ ભાઈ કવિ શ્રી જયન્ત પાઠક સાથે સખ્ય રચાયું છે. (દા.ત. 'વતન એટલે'ની અંતિમ પંક્તિઓ : 'સમય બાનો ચહેરો; / વતનને બાનો ચહેરો.') આ કવિ નર્યા આશ્ચર્યોમાં સતત યાત્રા કરતા રહ્યા છે ને જીવનને નિઃશેષ આલિંગ્યા છે, આ કવિનો હૃદય-રેંટ સતત ભરાતો-ઠલવાતો-ભરાતો રહ્યો છે, આ કવિએ રજનીઓ, ગ્રહો, નક્ષત્રોમાં વણપલક બારાખડી

ઘૂંટી છે. આ કવિને છોગાળાના છંદની છાલક વાગી છે – જેમાંથી ‘વ્યાકુલ વૈષ્ણવ’ની ‘ગીતિ’ઓ પ્રગટી છે. ઉશનસ્ નામનો પહાડ જીવનભર સતત ઝમતો રહ્યો છે –

**‘ઉનાળુ કો કાચા ઘટ સમ હજી રન્ધ્ર શતથી**
**ભીની માટીગંધે ઉશનસ્‌તણો પ્હાડ ઝમતો.’**

(‘સમસ્ત કવિતા’, ‘રસ્તો અને ચહેરા’, ‘પ્હાડ ઝમતો’, પૃ.૨૮૨)

થાય છે, સ્વર્ગમાંય જ્યાં જ્યાં આ કવિનાં પગલાં પડતાં હશે ત્યાં ત્યાં ઊગી નીકળતું હશે લીલુંછમ ઘાસ – ‘દ્યાવા પૃથિવી’નું ને ચળકતું હશે – પૃથ્વી જેની આસપાસ ફરે છે એ સૂર્યના તડકે – ચળક ચળક !

‘દ્યાવા પૃથિવી’ને આટલું ચાહનારો આ જીવ સ્વર્ગમાં કેટલું ટકશે ?! –

**‘હું સ્વર્ગેથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા;**
**હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા,’**

(‘સમસ્ત કવિતા’, ‘આ રસ્તાઓ’, પૃ.૩૩૭)

કવિ શ્રી ઉશનસ્‌ને શત-શત વંદન.

તા. ૨૫-૧૧-૨૦૧૧



## મુ. ઢાંકીસાહેબને શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક

મુ. ઢાંકીસાહેબને ઈ. સ. ૨૦૧૦નો રણજિતરામ સુવણચંદ્રક જાહેર થયાના સમાચાર જાણ્યા ત્યારે રગ-રગમાં આનંદ-આનંદ વ્યાપેલો. થયેલું, રણજિતરામ ચંદ્રકમાં જાણે ‘રક્તિ’નું ઉમેરણ થયું, આ ચંદ્રક જાણે ‘આગિયા’ની જેમ પ્રકાશવા લાગ્યો ને ‘સ્વર્ણભ્રમર’ની જેમ સોનેરી ગુંજવા લાગ્યો, આ ચંદ્રકમાંથી જાણે કે દેવાલયોનો ઘંટારવ સંભળાવા લાગ્યો. આ ચંદ્રકમાંથી જાણે ઉત્તરના હિન્દુસ્તાની અને દક્ષિણના કર્ણાટક સંગીતના સાતે રંગો રેલાવા લાગ્યા. આ ચંદ્રકમાંથી જાણે પ્રાચીન અને મધ્યકાલીન સંસ્કૃતિની મહેક આવવા લાગી.

T

ઢાંકીસાહેબના છઠ્ઠા માળના ફ્લૅટમાં, ના, ઘરમાં, બેઠા હોઈએ; ઝીણા નકશીકામની જેમ નાની નાની વસ્તુઓથી ઘર સજાવ્યું હોય, એ બધી વસ્તુઓ ભીતરના ‘વસ્તુત્વ’થી ધબકતી હોય. એમાં પુત્રવત્ શિષ્યોના ફોટા પણ હોય, જેમાં અનેક સ્મરણો ઢબૂરાયેલાં હોય. દીવાલ પરનાં નટુ પરીખ, ધર્મેશ પંચાલ આદિનાં કલાત્મક ચિત્રો ઘરમાં જાણે રંગ, રેખા અને આકારના સૂરો રેલાવતા હોય. જાણે પુરાતનકાળના સૂરોને લઈને બારીમાંથી પવનની લહેરખી પર લહેરખી આવતી હોય ને ઢાંકીસાહેબની વાતો – અનેક વિદ્યાઓ વિશેની જાતભાતની વાતો, અનેક કાળખંડોને જીવંત કરતી, તાદશ્ય કરતી

– ચાલતી હોય, વચ્ચે વચ્ચે વ્યંગ-વિનોદ ને રમૂજની આછી ગુલાબી છોળો ઊડ્યા કરતી હોય. ક્યારેક એમના ગાનની ઝલક પામવાનો ય અવસર સાંપડે. ઉત્તરના હિન્દુસ્તાની અને દક્ષિણના કર્ણાટક સંગીતની વાતો કરતા હોય ત્યારે તેઓ આ સંગીતને ઉત્તરના અને દક્ષિણના મંદિરો સાથે સરખાવતા જાય. કર્ણાટક સંગીત સ્વરકંપનના વ્યાપની સાથે જાણે દક્ષિણનાં મંદિરોનો આકાર ધારણ કરતું જાય ને હિન્દુસ્તાની સંગીત ઉત્તરનાં મંદિરોનું રૂપ ધારણ કરતું જાય... જે ઢાંકીસાહેબની આંખોમાં અને અવાજમાં દેખાય.

કવિતા જેમ કાનથી વાંચવાની કળા છે તેમ સંગીત પણ કાન ઉપરાંત આંખથીયે સાંભળવાની કળા છે. ઢાંકીસાહેબની ઝીણું જોનારી અને પરખનારી આંખ સંગીતના રંગો તથા આકારોને જોઈ શકે છે. મીરાંના ભજનોના ગાનમાં, સુબ્બલક્ષ્મીના અવાજનો રંગ કેવો છે ને જ્યુથિકા રોયના કંઠનો રંગ કેવો છે એની નોંધ ઢાંકીસાહેબે ‘સમીપે’માં પ્રગટ થયેલા એક લેખમાં કરી છે.

‘સપ્તક’ સંચયમાં ઉત્તરના હિન્દુસ્તાની સંગીત તથા દક્ષિણના કર્ણાટક સંગીત વિષયક અ-પૂર્વ એવા દીર્ઘલેખનું શીર્ષક છે – ‘આગિયો અને સ્વર્ણભ્રમર.’ કેવું પ્રતીકાત્મક-રૂપકાત્મ-દશ્યાત્મક શીર્ષક ! ઢાંકીસાહેબે હિન્દુસ્તાની સંગીતની ચિત્રમયતાને સંશોધનાત્મક શાસ્ત્રીયતાથી પીછાણી છે. એમણે ઉત્તરી સંગીતની ગાન-તાલીમ પણ લીધી છે ને નીલમ્મા કડમ્બી પાસે કર્ણાટક સંગીતના ગાનનુંય શિક્ષણ લીધું છે. આથી જ તો સંગીતનું તેજ અને રક્તિ જાણે ઢાંકીસાહેબની રગોમાં વહે છે. ‘આગિયો અને સ્વર્ણભ્રમર’ લેખના છેલ્લા ફકરાના અંતિમ ભાગનો સ્વાદ માણીએ :

> ‘જો કર્ણાટક સંગીત વાસ્ત્વાભાસી છે તો હિંદુસ્તાની સંગીત છે ચિત્રક્ષમ. એની એક ક્ષણે ઊઠતી અને બીજી પળે શમતી રેખાઓ અને ચન્દ્રકલાઓ ખજૂરાહોના કંદરિયા મહાદેવના કે તારંગાના જિન અજિતનાથના શ્રૃંગની ઉદયલીલા શી ભાસે છે. તો બીજી બાજુ એક ફૂલથી બીજા પર ભ્રમણ કરતા, ગુંજારવ કરતા, અને શરીર પરના સુવર્ણરંગી ચટાપટાઓ પ્રગટ કરતા ભ્રમરની જેમ હિંદુસ્તાની સંગીતની પરિષ્કૃત ફીરતો અને મુરકીઓયુક્ત સુશ્રાવ્ય શ્રુતિઓ ચકરાવો દેતી એવી સ્વરભાતો નિર્માવે છે. જે ઇન્દ્રિયસ્પૃહ આનન્દની, એની સર્વોચ્ચ ભૂમિકા પર મૂકી દે છે. અહીં પ્રભાવકતા કર્ણાટક સંગીતની જેમ પરાકાષ્ઠા પામવા તરફ નહીં પણ ચિત્તશાન્તિલક્ષી અને અંતર્મુખ હોવાનું પ્રતીત થાય છે. ભેદ, યોગી અને ભક્તજન વચ્ચે હોય, તેટલો છે; જો કે બન્ને પોતપોતાના આગવા અભિગમથી અંતે તો એક જ તથ્યને, અંતિમ યથાર્થતાને, આંબવા પ્રયત્ન કરે છે, આંબી જાય છે અને તે અંતિમ બિંદુની નિર્વિકલ્પતામાં તિરોભૂત થઈ જાય છે.’

(‘સપ્તક’, પૃ. ૩૦-૩૧)

લેખ કેવો આટોપ્યો ! જાણે કોઈ દેવાલય ઊંચું વધતું જાય ને પછી શિખર આવે, શિખર ઊંચું વધતું જાય ને પછી અસીમ આકાશ અને ભર્યો ભર્યો અવકાશ અને

નિર્વિકલ્પતા !

કાવ્યાત્મક શૈલીલીલાની સાથે તેઓ ક્યારેક રમૂજ, વ્યંગ-વિનોદ-વિડંબના તો ક્યારેક જરૂર પડ્યે તીખા-તમતમતા ચાબખા મારવાનુંય ચૂકતા નથી. આથી તો ભાયાણીસાહેબે એમના લાક્ષણિક ખડખડાટ હાસ્ય સાથે 'સપ્તક'ના 'પુરોવચન'માં નોંધ્યું છે :

'મધુસૂદનભાઈ ! તમે તો જૈન. જૈન ધરમના પાયા હોવાનું કહેલ અહિંસા, સંયમ અને તપમાં અહિંસા સૌની પહેલી. તુલસીદાસ કહી ગયા, 'દયા ધરમ કો મૂલ હૈ !' ને છતાં તમે આવા જનોઈવઢ ઘા કરો !'

જનોઈવઢ ઘાનું એક ઉદાહરણ જોઈએ :

> 'પિંજારાના તાકના ધન્ ધન્ ધુબાંગ ધુબાંગની જેમ કરાંજતી તેમ જ દંડ પર બાંધેલા પડદાઓ પર જોડ-ઝાલા અને સમ દેતે સમયે જોરથી અથડાઈ, ચુડેલના અફળાતા ચૂડલાઓ સમા કર્કશ ધ્વનિઓ કરતી સિતારો, ઉપલા સ્વરોમાં બેસૂરી બની બેં-બેં પેં-પેં કરતી વાંસળીઓ અને શરણાઈઓ, ઊતરી જતા તારોને કારણે ઘાસતેલના ડબાની જેમ ભન્-ભન્ બોલતી બોદી સરોદો, ખોટાં સ્થાનોએ લાગી જતી આંગળીઓને કારણે ફાટેલ વાંસ જેવી બકારીઓ કરતી રુદ્ર અને વિચિત્રવીણાઓ, દ્રુતગતિની તાનોને સફાઈબંધ અને સુસ્પષ્ટ સ્વરો સાથે પ્રગટ કરવામાં અસમર્થ અને એથી દૂધ વગર કણસતાં ગલૂડિયાં-કુરકુરિયાં જેવા અવાજો કરતી સારંગીઓ.'
>
> ('સપ્તક', પૃ. ૭૭-૭૮)

ઢાંકીસાહેબનો જન્મ ૩૧મી જુલાઈના રોજ ૧૯૨૭માં, 'સપ્તક' પ્રગટ થયું ૧૯૯૭માં, ત્યારબાદ ૨૦૦૫માં નિબંધ અને લેખોનો સંચય – 'શનિમેખલા' પ્રગટ થયો. આ શીર્ષક પણ કેવું રૂપકાત્મક ! શનિ તથા એનાં તેજવલયો સાથે કેટકેટલાં સંદર્ભો જોડાય છે ! – તત્ત્વજ્ઞાન-દર્શન, ખગોળશાસ્ત્ર, ગતિ, સ્થળ અને સમયનાં અનેક પરિમાણો... ! શનિમેખલા'માં પણ ચાર લેખો સંગીત વિષયક છે. આ ચારેય લેખો, પરેશ નાયકે 'પૂર્વાવલોકન'માં નોંધ્યું છે તેમ, 'કેળવાયેલા કાન અને વ્યાપક સમસંવેદન ધરાવનારા ગુણીજનોને ભૈરવના સ્વરોથી ગુંજતી સવારથી માંડી યમનના આલાપમાં સરતી પીળી-કેસરી સાંજનો ને માલકૌંસની તાનોમાં ઘૂંટાતી અપાર્થિવ રાતોનો સાક્ષાત્કાર કરાવી શકે તેવા છે.'

સંગીત વિષયક આ ચાર લેખો ઉપરાંત 'શનિમેખલા'માં તત્ત્વજ્ઞાન, કલાઓના સંવાદ, સંસ્કારશીલ પ્રજા, પ્રકૃતિ અને સંચેતના વિષયક વૈજ્ઞાનિક અભિગમથી ને સંશોધનાત્મક દષ્ટિથી લખાયેલા લેખો; યાદગાર બનાવો, વિનોદિકાઓ તેમજ 'આર્કિડનું સખ્ય' અને 'મૃગપક્ષી અને મત્સ્યનું સખ્ય' સમા સહજ-સુંદર સર્જનાત્મક-સંવેદનાત્મક-ચિત્રાત્મક ગદ્યથી મહેકતા-ગુંજતા નિબંધો છે. 'ઓર્કિડનું સખ્ય' કે 'મૃગપક્ષી અને મત્સ્યનું સખ્ય'માંથી કોઈ ખંડો જો પાઠ્ય-પુસ્તકમાં લીધા હોય તો એ પાઠ્યપુસ્તક શોભી ઊઠે, દીપી ઊઠે. કેટલાક વિવેચકો 'નોસ્ટાલ્જિયા'થી ભલે નાકનું ટેરવું ચડાવે; પણ અહીં

આ બે નિબંધોમાં નોસ્ટાલ્જિયાના કારણે જ એના ગદ્યમાં – શૈલીમાં લેખકની પ્રજ્ઞા કે વિદ્વતાનો ભાર નથી લાગતો ને લેખકની કરુણાસભર સંવેદના સહજ ચાલતા શ્વાસ જેવા ગદ્યમાં વહેતી રહે છે; કાન સરવા કરીએ તો એનો ખળ-ખળ અવાજ પણ સંભળાય ! નહીંતર 'સપ્તક'ના પુરોવચનમાં ભાયાણીસાહેબે 'ભાષાશૈલીના સભાન ભારેખમપણા'ની નોંધ લીધી છે. પરેશ નાયકે પણ નોંધ્યું છે :

'શાસ્ત્રીય અભ્યાસ-લેખોની શિસ્ત સર્જનાત્મક ગદ્યમાં ખપ લાગતી નથી, બલ્કે, બાધક નીવડે છે.'

સંસ્મરણાત્મક નિબંધોમાં સહજ મહોરતી-મહેકતી ઢાંકીસાહેબની સર્જકતાનાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

> 'વડિયા દરબારસાહેબે બાપુજીને દૂઝણી ગાય ભેટ આપેલી. નામે લીલમ. એને પોરબંદર ઘેર લાવી ડેલામાં બાંધેલી. શુદ્ધ ગિર ઓલાદની, સફેદ, ઊંચી, કદાવર અને ભરાવદાર, દેખાવડી પણ મિજાજી અને ભારે મારકણી. ગોવાળ સિવાય કોઈને પાંહે આવવા ન દીયે. ને એનાં ફૂંફાડા ને ઢીક માતેલા આખલાને મહાત કરે એવાં.'
>
> ('શનિમેખલા', પૃ. ૬૫)

> 'ત્રીજા વેતરે રાતના પોરે વાછડી અવતરેલી ત્યારે હું ઘરમાં હતો. ગોવાળે હરખથી ચસકો કર્યો : 'ગો' વિવાઈ સે. ગોમાતાજી પધાઈરાં સે.'
>
> ('શનિમેખલા', પૃ. ૬૫)

એ વાછડીનું નામ 'બદલી' પાડેલું. ચાર-પાંચ દિવસ જૂનાગઢ જઈને પોતે પાછા ફરે છે તો વાછડી હાડપિંજર જેવી થઈ ગયેલી ! – 'આને શું થઈ ગયું ?'–ના જવાબમાં ગોવાળની બોલી જુઓ —

> 'બાબુભાઈ ! તમે વીયા ગ્યા જૂનોગઢ ને પાછળથી બદલીએ મોઢામાં એક તરણુંઈ લીધું નથ. એને તમારો ભારે અહાંગળો લાઈગો સે.'
>
> ('શનિમેખલા', પૃ. ૬૬)

ભાડે રહેતા એ પટેલના ફળિયામાં તેઓ વાછડાને રમાડતા એનું વર્ણન જુઓ :

> 'વહેલી સવારે અને સાંજે ટીંબા પરથી આવીને એને ખૂબ રમાડતો. ઘણો હેતાળ. મારી સાથે બહુ જ હળી ગયો. એના મખમલિયા લાંબા બદામના પાન જેવા કથ્થાઈ કાન ઊંચા કરી, એના અણિદાર છેડાઓ ભેગા કરી 'કાન ચીબોડો, ચપી ચપી કરો,' કહી હેત કરવાની મઝા આવતી',
>
> 'એની માંસલ કોંટ પર હાથ ફેરવતાં થતાં ગલગલિયાંથી આખા ડિલની ચામડી હરખથી થરથરાવે.'
>
> ('શનિમેખલા', પૃ. ૬૭)

અહીં ઢાંકીસાહેબનું ગદ્ય પણ, વાછડાની ચામડીની જેમ, જીવંતતાથી કેવું થરથરે છે ! આ વાછડો થોડો મોટો થઈ જાય એ પછીનું એનું સ્પર્શક્ષમ વર્ણન જુઓ :

'હવે એની ચામડી મખમલી મુલાયમતા છોડી થોડીક દેશી ઊન જેવી રૂક્ષ બની ગઈ હતી.'

('શનિમેખલા', પૃ. ૬૭)

બોલીનાં થોડાં ઉદાહરણ જોઈએ : ખારવણની બોલી –

'રાંડ મીંદડી લજર હામે પારેવાને પકડી ઉપ્પા...ડી ગઈ. પારેવું તો ભામણની જાત કે'વાય. કોઈ દી' એક જીવડુંય લ ખાય.' એમ કળેળાટ કરતી કરતી જતી રહી.

('શનિમેખલા', પૃ. ૬૮)

'દિવ્યાનુભૂતિના આકસ્મિક સાક્ષાત્કાર'માં બંગાળી બોલી :

'ઓહે શુનો મિહિર, ભીતરે આછે તોમાર શ્વોપ્નસુંદરી'
'ઓહે પિશાચિની, તોમાર રૂપ છલે આમિ...'

(વાર્તાસંગ્રહ 'તામ્રશાસન'માંથી તો બોલીનાં અવનવાં રૂપોનાં અનેક ઉદાહરણ મળે.)

મુંબઈથી તેઓ બજરીગર પંખીનું જોડું ખરીદી લાવેલા. ને એમનાં નામ પાડેલાં 'કૂકો' અને 'કૂકી'. ઈંડું બહાર ન આવી શકતાં, પ્રસવ દરમિયાન 'કૂકી' મરી જાય છે તેનું વર્ણન સહૃદય ભાવકની આંખ પણ ભીની કરી દે :

'ઈંડાનો થોડોક ભાગ બહાર દેખાતો હતો. કૂકી તેને પ્રસવવા ભગીરથ પ્રયત્ન કરી રહી હતી, પણ જેમ મનુષ્યમાં 'આડું' થવાના પ્રસંગો બનતા હોય છે તેવો આ કિસ્સો હતો. કુકો કુકીની ફરતો ચકરાવા દઈ પ્રોત્સાહક ધ્વનિઓ કાઢી રહ્યો હતો... ... ત્રણ-ચાર કલાક સખત મહેનત કરવા છતાં ઈંડું બહાર નીકળી ન શક્યું. કુકાના અવાજમાં હવે ચિંતાનો સ્પર્શ જણાતો હતો... ... હવે કુકી ઢીલી પડતી જતી હતી. (આ વાક્યમાં પીડાને તીવ્રતમ બનાવવા છ છ 'ઈ'કાર આવ્યા !) થોડી વારે એના ફફડાટ અને કૂદવાની પ્રવૃત્તિ બંધ થવા લાગ્યાં, ને તે હાંફવા લાગી. અમે ચિંતાપૂર્વક ફાટી આંખે ગુમસૂમ અને નિઃસહાય જોતાં હતાં અને કુકાના ધ્વનિ પણ હવે હતાશા સાથે મંદ પડવા લાગ્યા. એકાએક કુકીની પાંખોનાં ઝીણાં ઝીણાં પીંછાં ઊંચાં થઈ બિડાઈ ગયાં. કુકીએ મોઢું એક તરફ ઢાળી દીધું. કુકો દુઃખનો ઘેરો ચિત્કાર કરી, નીચું મોં કરી, સળિયા પર અવાચક બની બેસી ગયો.'

('શનિમેખલા', પૃ. ૭૯)

આમ આ બે નિબંધોમાં ધબકતું સંવેદન, પાત્રો, ચરિત્ર-ચિત્રણની કળા, બોલી, ચિત્રાત્મક-દશ્યાત્મક ગદ્ય, સૂક્ષ્મ અવલોકન, મનુષ્ય જ નહિ, પશુ-પંખી-વનસ્પતિ માટેનો, માને પોતાના બાળક માટે હોય તેવો પ્રેમ, તત્ત્વજ્ઞાન-દર્શન, સ્થાપત્ય, કલાનો ઇતિહાસ, સંસ્કૃત, પ્રાકૃત, સંસ્કૃતિ આદિનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ — આ બધું જોતાં ઢાંકીસાહેબ પાસેથી નોખા પ્રકારની સુંદર વાર્તાઓ મળી શકે તેવી અપેક્ષા આ બે નિબંધો વાંચતાં જરૂર જાગે, જે સંતોષાય છે 'તામ્રશાસન'ની વાર્તાઓમાં.

ઢાંકીસાહેબના સાન્નિધ્યમાં ધબકતી હળવાશ અનુભવાય. એમની વિદ્વતાનો

જરીકે ભાર ન લાગે. એમની સેન્સ ઑફ હ્યુમર ક્યારેક મરક-મરક તો ક્યારેક ખડખડાટ હસાવે. બનારસમાં હિન્દી કેવું બોલાય અને લખનૌમાં કેવું હિન્દી બોલાય એ તેઓ બોલી બતાવે. મિમિક્રી પણ અદ્‌ભુત કરી શકે. ધારો કે તેઓ ભાયાણીસાહેબનો અવાજ કાઢીને ફોન પર વાત કરે તો સામે છેડે અણસાર પણ ન આવે કે આ ભાયાણીસાહેબ નથી. આમ, એમના ગદ્યમાં નિર્મળ રમૂજ ન આવે તો જ નવાઈ. વિનોદપ્રેરક ઘટનાઓના બે લેખો તથા યાદગાર બનાવોના છ પ્રસંગચિત્રોમાં તેમનું ગદ્ય શીમળાના ફૂલ જેવી હળવી શૈલીમાં ગતિ કરે છે. રમૂજ-વિનોદનાં એકાદ-બે ઉદાહરણ જોઈએ :

> ‘‘મેં પૂછ્યું : ‘આપકા શુભ નામ ?’ એમણે તત્ત્વવેત્તાની છટાથી ઉત્તર આપેલો : ‘જી, લોગ મુઝે દેવકી નંદન ત્રિપાઠી કહેતે હૈં,’ ‘મુઝે લોકોક્તિ મેં શ્રદ્ધા નહીં હૈં, આપ અપને કો ક્યા કહેતે હૈં ?’ વિદ્વાન મારી સામે વાંકું મોઢું કરી તાકી રહ્યા.’
>
> (‘શનિમેખલા’, ‘વિનોદિકા’, પૃ. ૪૭)

> ‘ચા આવી; ને ઉકાળો પણ આવ્યો. એનો રંગ જોઈ મિસીસ રીએ પૂછ્યું : ‘Mister Dhanky, is this bourn vita ?’ ‘No, Madame, It is unborn vita !’
>
> (‘શનિમેખલા’, ‘વિનોદિકા’ પૃ. ૩૮)

કાવ્યાત્મક, ગતિશીલ વર્ણનો પણ ઠેર-ઠેર મળે છે, એમાંથી એક ઉદાહરણ –

> ‘ધીરે-ધીરે ખસતાં ભૂરાં લીલાં પાંદડા વચ્ચેથી, ડોકિયું કરતી કાચી સ્ટ્રોબેરી જેવો સૂરજ, દરિયાના અવર્ણ નીરાવરણને પેલે પારથી, ઊંચકાઈ આવતો દેખાયો. નવજાત તીડની પાંખનો કુમળો બદામી રંગ એનાં સુક્કા દર્ભ જેવાં કિરણો જ્યારે રાજસિંહેશ્વર પર ઢળી સોનેરી બની રહ્યાં ત્યારે રાજનાગ સમા, જમીનથી અધ્ધર થતા, પાતળા શા એ ઉન્નત દેવાલયનો આજન્મસ્તૂપિપર્યંત પોતાનો અસલી આકાર પ્રગટ થયો.’
>
> (‘શનિમેખલા’, ‘દિવ્યાનુભૂતિના આકસ્મિક સાક્ષાત્કાર’, પૃ. ૩૨)

પરેશ નાયકે નોંધ્યું છે તેમ, ‘આ આખુંય પુસ્તક કળા, પ્રકૃતિ અને માનવચેતનાને સ્પર્શતી, વિવિધ સ્થળ-કાળની રોમાંચક વાતોના ખજાના જેવું છે.’

‘તામ્રશાસન’ વાર્તા ‘શનિમેખલા’માં સમાવાઈ છે. ‘તામ્રશાસન’ અને ત્યારબાદ લખાયેલી નવ વાર્તાઓ ‘તામ્રશાસન’ વાર્તાસંગ્રહમાં સમાવાઈ છે. આ સંગ્રહની વાર્તાઓનું વૈવિધ્ય તરત ધ્યાન ખેંચે છે. ફેન્ટસી-કાલ્પનિકા પ્રકારની અદ્‌ભુત વાર્તા ‘તામ્રશાસન’ ઉપરાંત અન્ય નવ વાર્તાઓ પણ નોખાનોખા પ્રકારની છે. ‘કાલ્પનિકા’ ઉપરાંત આ સંગ્રહમાંથી આપણને ‘મિસરની શાહજાદી’ સમી ‘આધિભૌતિકા’, ‘પ્રતિમા-તસ્કરી’ જેવી ‘રહસ્યિકા’, ‘અભિશપ્ત શમ્ભુ’ જેવી ‘પૌરાણિકા’, ‘કામ્બોજી જયવર્મન’ જેવી ઐતિહાસિકા, ‘માનસ-પરિવર્તન’ તથા ‘દર્પણ-બિમ્બ’ જેવી ‘મનોવૈજ્ઞાનિકા’ તથા ‘અવલોકિતેશ્વર-ચિત્તસમ્ભવમ્’, ‘મુંબઈ ૧૯૩૭-૧૯૪૭’, તથા ‘ચેતનાંતરણ’ સમી ‘વૈજ્ઞાનિકા’ પ્રકારની વાર્તાઓ સાંપડે છે. સાયન્સ ફિક્શન – વૈજ્ઞાનિકા ક્ષેત્રે તો આપણે

ત્યાં કશું નક્કર કામ જ નથી થયું.

ઢાંકીસાહેબની વાર્તાઓ ગુજરાતી વાર્તાસાહિત્યમાં એક અલગ આગવું સ્થાપત્ય રચે છે. આપણા કથાસાહિત્યમાં કેટલાક અપવાદો બાદ કરતાં તત્ત્વજ્ઞાન તથા દર્શનનો અભાવ જણાય છે. તથા નાયક જે વિદ્યામાં કામ કરતો બતાવાયો હોય તે વિદ્યાનું તેનું જ્ઞાન સાવ છીછરું જણાય. જેમ કે, કથા-નાયક રસાયણશાસ્ત્રનો અધ્યાપક હોય પણ એનું રસાયણશાસ્ત્રનું જ્ઞાન દસમા ધોરણના વિદ્યાર્થી કરતાં વધુ ન હોય. ઢાંકીસાહેબની વાર્તાઓ આમાં અપવાદ છે. કારણ ઢાંકીસાહેબને અનેક વિદ્યાઓનો ઊંડો અભ્યાસ છે. ઢાંકીસાહેબે ‘સ્વકથ્ય’માં નોંધ્યું છે તેમ તેઓ શિક્ષણથી અને અભિગમથી વૈજ્ઞાનિક છે, પણ સ્વભાવથી કલાભિમુખ છે. તેમણે નોંધ્યું છે :

‘અહીં જે કથાઓ આમેજ છે તેમાંની કેટલીક વિવિધ પ્રાચીન, મધ્યકાલીન, ઐતિહાસિક, સાંસ્કૃતિક સ્રોતોના આધારે આકારિત થયેલી છે. અને જેમ જેમ એ અંકુરિત થતી આવી તેમ તેમ લખાતી ગયેલી.’

ઢાંકીસાહેબે પુરાતત્ત્વવિદ્યા, અભિલેખવિદ્યા, વાસ્તુશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, પ્રતિમા-વિધાનશાસ્ત્ર, ભારતીય અને ભારત બહારનું શાસ્ત્રીય અને સુગમ સંગીત, નૃત્યશાસ્ત્ર, ઇતિહાસ અને સંસ્કૃતિ, પરલોકવિદ્યા, આભૂષણવિદ્યા, ઉદ્યાનવિદ્યા, રત્નવિદ્યા આદિનો ઊંડો સંશોધનાત્મક શાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. જેનો લાભ એમની વાર્તાઓને મળ્યો છે. આ અભ્યાસના કારણે તેઓ જે તે સ્થળ અને કાળ મુજબ વાર્તાનું વાતાવરણ, પરિવેશ, પાત્રો આદિ હૂબહૂ રચી શક્યા છે અને તદ્નુરૂપ ભાષા, બોલી, શૈલી પણ નિપજાવી શક્યા છે.

સુરેશ જોષીના જમાનામાં ફૅન્ટસીની ફૅશન હતી ત્યારે વાસ્તવના આધાર વિના જ હવામાં ફૅન્ટસી રચાતી હતી, જે પછીથી હવામાં જ અદૃશ્ય થઈ ગઈ. જ્યારે ‘તામ્રશાસન’ જેવી કાલ્પનિકા ઠોસ વાસ્તવના નક્કર પાયા પર રચાઈ છે. ઢાંકીસાહેબના દેવાલય સ્થાપત્યના તેમજ અન્ય વિદ્યાઓના અભ્યાસની રક્તિ એમની વાર્તાઓની રગમાં હિમોગ્લોબીન બનીને વહે છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાને ‘તામ્રશાસન’માં રક્તિનો અનુભવ થયો છે. સુરેશ જોષીના જમાનામાં વાર્તાના તથા ગદ્યના આકારની વધુ પડતી સભાનતા હતી, અત્યારે આવી સભાનતા ખાસ જણાતી નથી. જ્યારે ઢાંકીસાહેબની વાર્તાના તથા ગદ્યના આકારને દેવાલયના સ્થાપત્ય સાથે સરખાવી શકાય. આના ઉદાહરણ તરીકે ‘તામ્રશાસન’ વાર્તા તરત હૈયેથી હોઠે આવે. ઢાંકીસાહેબની વાર્તાઓમાંથી પસાર થતાં જે-તે સ્થળ-કાળ તથા સંસ્કૃતિ મુજબ વાતાવરણ, ‘વસ્તુત્વ’, શૈલીત્વ તથા વાર્તાત્વનો એક વિરલ અનુભવ થાય છે. હા, ઢાંકીસાહેબ જન્મજાત સાહિત્યકાર નથી એટલે કદાચ એમનામાં પાબ્લો નેરુદા કે આપણા પ્રિયકાન્ત મણિયારમાં પમાય છે તેવા creative forceનો અભાવ જણાય; પરંતુ તેમની ગદ્ય તેમજ વાર્તા-સ્થાપત્યની સભાનતા ઊડીને આંખે વળગે છે. ઢાંકીસાહેબ રત્નવિદ્યાનાય જાણકાર છે,

રત્નની જેમ તેઓ આંગળીઓમાં શબ્દોને લઈ જુએ છે, તપાસે છે ને સાચા રત્નની જેમ રણકતા-ચળકતા પાસાદાર શબ્દોને તેઓ પસંદ કરે છે ને એમાંથી ઘડાતા આભૂષણની જેમ વાક્યો ઘડે છે. જેનો અતિરેક ક્યારેક મર્યાદા પણ બની શકે. તેમજ જે-તે વિદ્યાઓના જ્ઞાનની વિગતોની પ્રચુરતા ને પરિભાષા પણ ક્યારેક વાર્તારસના પ્રવાહમાં ખલેલ પાડી શકે. પરંતુ જે-તે સ્થળ-કાળના પરિવેશનું ઝીણા નકશીકામભર્યું ભવ્ય-સુંદર નિર્માણ ઢાંકીસાહેબને આવી મર્યાદાઓમાંથી ઘણુંખરું ઉગારી લે છે.

ઢાંકીસાહેબ જેવા વિદ્વાન કપરાં સ્થળો વિશે સભાન ન હોય તો જ નવાઈ. એમણે ‘તામ્રશાસન’ના સ્વકથ્યમાં નોંધ્યું છે –

> ‘સામાન્ય વાચક માટે પણ મારા લેખનમાં જ્યાં જ્યાં પ્રશિષ્ટ ભાષાનું અને સાંસ્કૃતિક-દાર્શનિકાદિની પરિભાષાઓનું અવલમ્બન લેવાયું છે તે સ્થળો કપરાં બની શકે.’

ઢાંકીસાહેબની વાર્તાઓ વિશે, એમના જ શબ્દોનો ઉપયોગ કરીને કહું તો, એમની વાર્તાઓ — ‘કથાવસ્તુની ભૂમિકાને નક્કર બનાવી, તેની પરિસરલક્ષિતા અને સંબંધિત સાંસ્કૃતિક ઉદયમાનતાને બની શકે તેટલા પ્રમાણભૂત રૂપમાં, માંડણીરૂપે સર્જી, એની માલીકોરના ‘વસ્તુત્વ’ અને એથી ‘વાસ્તવ’માં રહેલ પ્રાણતત્ત્વને પ્રામાણિકપણે અને પ્રતીતિજનક રીતે પ્રગટ કરવા શક્ય હોય તેટલો સન્નિષ્ઠ પ્રયાસ કરતી હોવાનું’ જણાય છે.

અંતે, ઢાંકીસાહેબનું એક વિધાન ટાંકીને અને એમને વંદન કરીને વિરમું –

‘લેખન-સર્વસાધારણના ઉદ્યમ પરત્વેના મારા અભિગમ વિશે વિશેષ તો એટલું જ કહી શકાય કે તે ‘‘અનન્ત ધર્માત્મકં વસ્તુ’’ના વૈશ્વિક, તાત્ત્વિક સિદ્ધાન્તમાં શ્રદ્ધા ધરાવે છે.’

તા. ૧૮-૧૧-૨૦૧૧

r

## મૃત્યુ : એક દ્રુત-વિલમ્બિત ચર્યાગીતિ | સિતાંશુ યશશ્ચન્દ્ર

પંચ સ્કન્ધ છે, છૂટા પડશે.
ઘટ ભીતરનું નભ, વિણ વધઘટ, ઘટ બહારના નભમાં ભળશે.
પંચ સ્કંધ છે, છૂટા પડશે.

દોરામાંની ગૂંચ ઊકલશે,
બરફ તરત જળ બનશે;

ગાંઠ ગઈ ક્યાં ? – પૂછે બાવરા.

બરફ પીગળ્યો વહેતાં વારિ અરે સર સર સર સર સરશે.
પંચ સ્કન્ધ છે, છૂટા પડશે.

પછી કશું નહીં, કોઈ ખટપટ નહીં,
કોઈ ઢીલ નહીં, કોઈ ઝટપટ નહીં.

મરી ગયા રે ! – કહે બાવરા.

ગયું નથી, રહ્યું નથી, એવું કંઈ થયું નથી,
કોઈ નહીં ગુમ થાય, કોઈ નહીં જડશે.
પંચ સ્કન્ધ છે, છૂટા પડશે.

ભિડાયેલ એક મુઠ્ઠી ખૂલશે,
હશે હથેળી પછીની પળે,
એમાં સુંદર સૂનકારનું ઝલમલ ઝલમલ રત્ન ઝૂલશે.

મુઠ્ઠી ગઈ ક્યાં ? – પૂછે બાવરા,
મુક્તિ મળી ગઈ ! – રટે બાવરા.

મળવા-મેળવવાને માટે કોઈ મળે નહીં,
કળવાનું કશું નહીં, કોઈ કશું કળે નહીં.

બધું ખાલીખમ હશે, શાંત એકદમ હશે,

કરમ કે કીરપાની વાત કરનાર કોઈ, કાને ધરનાર કોઈ, કોઈ કેતાં કોઈ કશે
હશે નહીં, પછી કોણ કરશે ?
મરનાર કોઈ નહીં, પછી કોણ મરશે ?

પછી ન કોઈ કશાને અડશે.
પંચ સ્કન્ધ છે, છૂટા પડશે.

કેલિફોર્નિયા; ઑક્ટોબર ૨, ૨૦૧૧

# કવિ શ્રી ઉશનસ્‌ની પંચત્વપ્રાપ્તિ | ચંદ્રકાન્ત શેઠ

બૃહત્‌તાના આરણ્યક કવિ ઉશનસ્‌ના
ચાલતા હતા છેલ્લા શ્વાસોચ્છ્‌વાસ.
એમની કવિચેતના જીવનના સૉનેટમાં છેલ્લે છેલ્લે
'વિશ્વવ્યાપી ઘાસ' સાથે બેસાડી રહી હતી 'મૃણ્મય પ્રાસ' !
અને ત્યાં જ પ્રત્યક્ષ થઈ ધરિત્રી.
ઉશનસ્‌નો 'તૃણનો ગ્રહ' તે આ ધરિત્રી :
એ કહે :
"ઉશનસ્‌નાં મૂળિયાં તો અમારી માટીમાં,
અમારાં પાન, ફૂલ, ફળનો રસ એમની બાનીમાં !
એમની તો હસ્તી જ હરિયાળી !
અમે પોંખીશું એમને રંગબેરંગી પતંગિયાંથી.
વનાંચલનાં ફૂલોના મઘમઘાટે
અમે એમનાં ભરી દઈશું ફેફસાં.
આદિવાસી ડુંગરા ને ધસમસતા ધોધવા
ખેલાવશે એમને ખડકોમાં ને ખીણોમાં.
તૃણની આંગળી એમને ખૂંદાવશે વનવગડા,
ઘુમાવશે એમને ઉંબરથી ડુંગર સુધી
અને ભોમથી બ્રહ્માંડ સુધી :
સોંપી દો અમને અમારા ઉશનસ્‌ !"

એટલામાં તો ફરકતું આસમાની અંબર લહેરાવતું
આવી લાગ્યું આકાશ !
એ કહે :
"ઉશનસ્‌ તો બ્રહ્મશિશુના છંદો છેડનારા !
તેઓ તો અમારું બીજ !
તેઓ તો પવનપાવડીએ ચડી
ગેબનાં ગહ્‌વરોમાં ગુંજનારા !
નભોમંડળના નક્ષત્રોમાં ઘૂમનારા !
તૃણ અને તારકોની બિચોબિચ રહીને,
તૃણ અને તારકોથી ખીચોખીચ થઈને
ખૂલનારા ને ખીલનારા !
અમારે તો એમને ઉઘાડવા છે તડકામાં,
અમારે તો એમને કરવા છે પંખાળા,

સાત સાત રંગોનાં ફરફરતાં પીંછાંથી !
અમને સોંપી દો અમારા ઉશનસ્ !''

ત્યાં તો વાદળાંના વૃંદમાંથી
વીજળીના દોરે દોરે
ઊતરી આવી જલદેવતા હેઠે :
એ કહે :
''ઉશનસ્ તો અમારા આષાઢી દીકરા !
જીવનભર એમનો અંદરનો પહાડ દૂઝતો જ રહ્યો !
તેઓ ફોરે ફોરે ને ઝરમર ઝરમર
વરસતા જ રહ્યા, વરસતા જ રહ્યા વનોમાં ને પહાડોમાં !
ઝરણાં સાથે ઝણક્યા,
ધોધની સાથે ધૂબક્યા,
સરિતામાં સરક્યા
સરોવરમાં મરક્યા
દરિયાના મોજે મોજે ખડક્યા !
ને સ્વાતિની પલકે પલકે મોતીડાંમાં ટપક્યા !
જેને જેને અડ્યા, આર્દ્ર કરીને રહ્યા !
એમને તો અમારે ઉતારવા છે
મેઘદૂતની સાથે, અલકાની અટારીએ.
સોંપી દો અમારા ઉશનસ્ અમને !''

ત્યાં તો વાંસવનેથી ઊતરી આવ્યા પવનદેવતા :
એ કહે :
''ઉશનસ્‌ની છાતીમાં તો
અમારા જ આવેગ ને ઉછાળ !
એમના સ્પંદ અને છંદને
સચેત કરતી ફૂંક અમારી !
ઉશનસ્ તો અમારી જ વાંસળી.
એમના પ્રાણને પ્રફુલ્લિત કરતા
વગડાના શ્વાસ તેય અમારા !
અરવલ્લીથી દાંડી ને દમણગંગા સુધી
એમનાં ફૂલોની ફોરમ લહેરાવી અમે.
તુલસી ને ડમરાની ગંધમાં
કેવડા ને ગુલાબની ગંધ એમણે ભેળવી
તેય અમે તો હોંશે હોંશે પ્રસરાવી !

**હવે એમને હદથી અનહદ સુધી**
**ફોરમની જેમ લઈ જવા છે અમારે !**
**આવવા દો ઉશનસ્‌ને અમારી સાથે.''**

**એટલામાં ત્યાં ભડભડ થતા આવી પૂગ્યા અગ્નિદેવતા :**
**એ કહે :**

**''ઉશનસ્‌ના તો અમે જ થશું અંગનાં ઓશીકાં.**
**અંધારું એમને ઘેરી વળશે ત્યારે**
**અમે જ ઉડાવીશું એમની આસપાસ**
**ચંપાની કળીઓ જેવા આગિયા**
**અમે જ એમની અંદરના સોનેરી પંખીને**
**પાંજરામાંથી છોડાવીને**
**અતલ અવકાશમાં કલરવતું કરી દઈશું !**
**એમને જ વરેણ્ય ભર્ગની આંગળીએ**
**વળગાડીને અમે લઈ જઈશું ગેબની ગોદમાં.**
**હવે સોંપી દો ઉશનસ્‌ને અમારે હવાલે !''**

**ઉશનસ્‌ તો આકાશ ઓઢીને**
**પૃથ્વી, જળ, વાયુ ને અગ્નિની કાંધીને ચડીને,**
**નીકળી ગયા આપણા સૌની નજરની બહાર – પાર !**

૧૨-૧૧-૨૦૧૧

---

## ભૂલસુધાર

'પરબ'ના નવેમ્બર ૨૦૧૧ના અંકમાં પૃષ્ઠ 75 પર 'Aeliane Fransin' શબ્દ ખોટો છપાયો છે. ખરો શબ્દ 'Alliance Francaise' છે.

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

માતૃભાષાનો મહિમા કરવાનો એક મોટો પ્રસંગ નજીકમાં આવી રહ્યો છે. આ પ્રસંગ છે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૬મું અધિવેશન. આ અધિવેશન તા. ૨૩થી ૨૫ ડિસેમ્બર દરમિયાન આદિ કવિ નરસિંહ મહેતાના નગર જૂનાગઢમાં યોજાશે. આ પ્રસંગે એક ઐતિહાસિક સંદર્ભ યાદ કરવા જેવો છે. ઑક્ટોબર ૫, ૧૯૦૫ના રોજ લંડનમાં ગાંધીજીએ 'ગુજરાતી ભાષા વિષે કંઈક વિચારો' શીર્ષક હેઠળ એક વક્તવ્ય આપ્યું હતું. એનો એક પરિચ્છેદ નીચે મુજબ છે !

'ગુજરાતીઓ એકબીજાની વચ્ચે અંગ્રેજી ભાષા વાપરે એ અધમ દશા સૂચવે છે એમ કહ્યા વિના રહેવાતું નથી, તેમ થવાથી માતૃભાષા કંગાળ થઈ ગઈ છે. આપણે જ એનું અપમાન કરીએ છીએ ને અંતે આપણે દીન બની જઈએ છીએ. હું મારા વિચારો ગુજરાતીમાં બરાબર ન બતાવી શકું અને અંગ્રેજીમાં બતાવી શકું એ વિચાર કરું છું. તે પોતાના દેશનું શું ભલું કરશે ? ગુજરાતની મહાન પ્રજા ગુજરાતી ભૂલી બીજી કોઈ ભાષા અંગીકાર કરે એમ સ્વપ્ને પણ નથી સંભવી શકતું અને જો તેવો સંભવ ન હોય તો, જેઓ તે ભાષાને પડતી મૂકે છે તેઓ દેશના એટલે પોતાની પ્રજાના દ્રોહી છે. એમ કહેવું અતિશયોક્તિમાં નહીં ખપે. ભાષામાં પ્રજાની છબી રહી છે, એ વાક્ય અનુચિત નથી.'

ઉપરોક્ત પરિચ્છેદ આ સમયે યાદ આવવાનું અને ટાંકવાનું મન થયું એનું એક બીજું પણ મહત્ત્વનું કારણ છે. ગુજરાતી સાહિત્ય પરિષદની ઐતિહાસિકતા એમાં છુપાયેલી છે. 'અક્ષરદેહ'માં છુપાયેલા આ ભાષણમાં પાદટીપમાં નીચેની વિગત મૂકવામાં આવી છે.

લંડનમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદને ટેકો આપવા મળેલી ગુજરાતીઓની સભામાં ગાંધીજીએ પહેલો ઠરાવ રજૂ કરતી વખતે ઉપર મુજબ ભાષણ કર્યું હતું. તેમણે રજૂ કરેલો ઠરાવ આ પ્રમાણે હતો. 'ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ જે રાજકોટમાં આ માસમાં મળે છે તેને આ સભા મુબારકબાદી આપે છે ને ફતેહ ઇચ્છે છે.'

ગુજરાતી સાહિત્ય પરિષદનો આ ગરિમાપૂર્ણ ઇતિહાસ છે. આપણે આપણી માતૃભાષા માટે માત્ર ઘરઆંગણે નહીં પણ દેશપરદેશ વસતા ગુજરાતીઓને પણ ઉમળકાથી સામેલ કરવા જોઈએ. એ માટે પરિષદ તૈયાર છે. ગુજરાતી ભાષા માટે, સાહિત્યસંદર્ભે સમગ્ર વિશ્વમાં રત એવી બધી સંસ્થાઓને આ લેખ દ્વારા એક આહ્‌વાન કરવામાં આવે છે. ચાલો, આપણે સૌ સાથે મળી આપણી છબી અકબંધ રાખીએ. અધિવેશનને સમગ્રપણે સમર્થન મળે એ માટે અમીટ રાહ જોઉં છું હાલ તો...

– અસ્તુ

– રાજેન્દ્ર પટેલ

# સુરતમાં વાર્તાસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદ અને અખિલ ગુજરાતી હિન્દ મહિલા પરિષદ બૃહદ્, સુરતના સંયુક્ત ઉપક્રમે શ્રી ભગવતીકુમાર શર્માની અધ્યક્ષતામાં 'વાર્તાસત્ર'નું આયોજન તા. ૧૬-૧૦-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. સ્વાગતપ્રવચન અખિલ મહિલા પરિષદનાં મૅનેજિંગ ટ્રસ્ટી અનંતાબહેન પરીખે આપ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે પોતાના વક્તવ્યમાં કહ્યું કે, ગઝલ અને ટૂંકીવાર્તામાં લેખનનો અતિસાર થાય છે. પરંતુ વસ્તીના પ્રમાણથી તેને માપીએ તો તે યોગ્ય જણાય છે. નવા લેખકોમાં વિષયવૈવિધ્યનો ચમકારો જોવા મળે છે. તે બાબતે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. મહિલા પરિષદનાં ભૂતપૂર્વ અધ્યક્ષ ધ્રુવલતાબહેન પારેખે તેમના પ્રાસંગિક વક્તવ્યમાં સુરતના સાહિત્યકારો નર્મદ, જ્યોતીન્દ્ર દવેથી શરૂઆત કરીને આજની પેઢીના સાહિત્યકારોની નોંધ લીધી હતી. ભગવતીકુમાર શર્માએ સૂચન કર્યું હતું કે જેમ આયુર્વેદમાં નાડીપરીક્ષા થાય છે તેમ સાહિત્યના દરેક સ્વરૂપની સમય સમય પર નાડીપરીક્ષા થવી જોઈએ.

વાર્તાસત્રની પ્રથમ બેઠકમાં 'આજની ગુજરાતી ટૂંકીવાર્તા' વિષય પર મુખ્ય પ્રવાહની વાર્તાઓ વિશે શ્રી મણિલાલ હ. પટેલે ગુજરાતી વાર્તાઓનો લય ખોવાઈ ગયો છે, તે અંગે ચર્ચા કરી હતી. મોહન પરમારે દલિત વાર્તા કોને કહેવાય તે વિશે અને તેના ઇતિહાસ વિશે પ્રકાશ પાડ્યો હતો. હિમાંશી શેલતે નારીલક્ષી વાર્તાઓનું પૃથક્કરણ કરતાં કહ્યું હતું કે લેખિકાઓમાં હવે લગ્ન અને માતૃત્વ વિશે બદલાયેલો અભિગમ જોવા મળે છે. ડૉ. રમેશ ર. દવેએ વાર્તાઓ મર્મસ્પર્શી હોવી જોઈએ તે બાબત પર ભાર મૂક્યો હતો. બીજી બેઠકમાં દક્ષિણ ગુજરાતના વાર્તાકારોએ વાર્તાપઠન કર્યું હતું. પ્રફુલ્લ દેસાઈએ 'ડુકી', સ્મિતા પારેખે 'ચિંતા', જનક નાયકે 'સ્મિત', આશા વીરેન્દ્રએ 'તોખાર' વાર્તાનું પઠન કર્યું હતું. અધ્યક્ષીય પ્રવચનમાં રવીન્દ્રભાઈ પારેખે કહ્યું હતું કે જ્યાં કૅમેરા પહોંચી ન શકે તેવા ખૂણાને વાર્તાકારે ઉજાગર કરવાં જોઈએ. ત્રીજી બેઠકમાં 'વાર્તા આસ્વાદ'માં મને ગમતી ગુજરાતી વાર્તામાં યોગેશ જોષીએ રા. વિ. પાઠકની 'મુકુન્દરાય', બિપીન પટેલે અનિલ વ્યાસની 'માંકડ', જિતેન્દ્ર પટેલે રા. વિ. પાઠકની 'મુકુન્દરાય' અને પારુલ દેસાઈએ સુમન શાહની 'નેચરલ સુગરની સ્વીટ' વાર્તાનો આસ્વાદ કરાવ્યો હતો. અધ્યક્ષીય પ્રવચનમાં અશ્વિન દેસાઈએ કહ્યું કે તમારે મહાન કૃતિ જોઈતી હોય તો મહાન ભાવકો પણ પેદા કરવા પડશે. ચોથી બેઠકમાં ફરી વાર્તાપઠન થયું હતું. કંદર્પ ર. દેસાઈએ 'ખાલી ફ્રેમ', દલપત ચૌહાણે 'ગાંઠ', પુરુરાજ જોષીએ 'આકાશગંગા' તથા ગિરીશ ભટ્ટે 'એક અનુરાધાની વાત' વાર્તાનું પઠન કર્યું હતું. સમાપન-બેઠકમાં શ્રી ભગવતીકુમાર શર્માએ કહ્યું કે જ્યાં સુધી મનુષ્ય છે ત્યાં સુધી સાહિત્ય પણ શાશ્વત રહેશે. આયોજક મહિલા પરિષદ વતી અનંતાબહેન પરીખે અને ગુજરાતી સાહિત્ય પરિષદ વતી શ્રી પારુલ કંદર્પ દેસાઈએ આભારવિધિ કરી હતી.

**– કામિની સંઘવી**

## બાલ-સાહિત્ય મેળો

ગુજરાતી સાહિત્ય પરિષદને ઉપક્રમે બાલસાહિત્ય અકાદમીએ ૨૨-૧૦-૨૦૧૧ના રોજ 'બાલસભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. પચીસેક બાળકોએ ગીતો તથા વાર્તાઓ રજૂ કરી હતી. એમને કૃષ્ણ દવે, યશવન્ત મહેતા, યોસેફ મેકવાન, નટવર પટેલ જેવા સાહિત્યકારોએ વાર્તાઓ-ગીતો વડે મનોરંજન કરાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી યશવંત મહેતાએ કર્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદે દરેક બાળકને પુસ્તિકા ભેટ આપી હતી.

## ગ્રંથ સાથે ગોઠડીમાં પ્રતીક્ષા થાનકીનું વક્તવ્ય

'ગ્રંથ સાથે ગોઠડી' અંતર્ગત તા. ૧૧-૧૧-૨૦૧૧ના રોજ શ્રી પ્રતીક્ષા થાનકીએ શ્રી ડેવિડ ગિલમોર લિખિત 'ધ ફિલ્મક્લબ'નો આસ્વાદ કરાવ્યો હતો. શ્રી પ્રતીક્ષા થાનકીએ પુસ્તકની રસપ્રદ ચર્ચા કરી હતી. ડેવિડ ગિલમોરના પોતાના ૧૬ વર્ષના પુત્ર જેસીને શાળાના શિક્ષણમાં રસ પડતો નથી. અનેક દુર્ગુણો તેને આકર્ષિત કરે છે. પિતા જેસીના ઘડતર માટે અઠવાડિયાની ત્રણ ફિલ્મો પિતા-પુત્ર બંને સાથે બેસીને જોવાનું નક્કી કરે છે અને આવું સતત ત્રણ વર્ષ ચાલે છે. ડેવિડ ગિલમોર ફિલ્મક્રિટિક છે. ફિલ્મોના પ્રભાવથી પુત્ર જેસીમાં પરિવર્તન આવે છે. જેસી એક હોટલમાં રસોઇયા તરીકે કરે છે અને પોતાનો અભ્યાસ કરે છે. આમ, આત્મકથનાત્મક વાસ્તવની ભૂમિ પર રચાયેલું આ પુસ્તક છે. પુસ્તકમાં રહેલી પિતા-પુત્રની સંવેદના ઉપસ્થિત ભાવકોને સ્પર્શી ગઈ હતી. કાર્યક્રમને અંતે ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર માન્યો હતો.

**– ઇતુભાઈ કુરકુટિયા**

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું બારમું વ્યાખ્યાન ૧૭-૧૧-૨૦૧૧ના રોજ યોજાઈ ગયું જેમાં શ્રી હર્ષવદન ત્રિવેદીએ 'નાગાર્જુન અને દેરિદા : એક તુલનાત્મક અભ્યાસ' વિશે પોતાનો વિચાર સ્પષ્ટ કર્યો. તેમણે નાગાર્જુન અને દેરિદાના જીવન અને વિચારોની વાત મૂકી. બંનેના વિચારોને તુલનાત્મક રીતે રજૂ કર્યા. તેમણે દેરિદા અને નાગાર્જુનની ભાષાની દૃષ્ટિએ જે તુલના રજૂ કરી તે રસપ્રદ રહી. વળી, વક્તવ્યને અંતે મધુસૂદન બક્ષી, ચંદ્રકાન્ત ટોપીવાળા, રંજના અરગડે, હેમંત દવેની ચર્ચાએ વિષયને વધુ સ્પષ્ટતા આપી. હર્ષવદન ત્રિવેદીનો પરિચય ડૉ. પારુલ દેસાઈએ અને અંતે ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર માન્યો હતો. આ દિવસે એક સુયોગ થયો. હર્ષવદનભાઈએ સંપાદિત કરેલું પુસ્તક 'ભાષાવિમર્શ લેખસંચય'ને ભાવકો સમક્ષ ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ ખોલી આપ્યું હતું અને તેનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. આ પુસ્તકમાં 'ભાષાવિમર્શ' સામયિકના ભાષાવિષયક મહત્ત્વના અગ્રંથસ્થ લેખોનું સંપાદન છે. જે ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા પ્રકાશિત થયું છે.

**– વિભા ત્રિવેદી**

## પાક્ષિકીમાં શ્રી રૂપેન પટેલનું વાર્તાપઠન

'પાક્ષિકી' અંતર્ગત તા. ૧૭-૧૧-૨૦૧૧ના રોજ શ્રી રૂપેન પટેલે 'નિજાનંદ' વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તાને વધુ સારી બનાવવા માટે ઉપસ્થિત વાર્તારસિકોએ કેટલાંક સૂચનો કર્યાં હતાં.

## નવોદિત સર્જક સાથે સંવાદ

'નવોદિત સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત તા. ૧૯-૧૧-૨૦૧૧ના રોજ નવોદિત સર્જકોએ પોતાની અપ્રકાશિત કૃતિઓનું પઠન કર્યું હતું. જેમાં નવલકથાનું એક પ્રકરણ અને કવિતાની રજૂઆત થઈ હતી. ઉપસ્થિત સર્જકમિત્રો દ્વારા કૃતિપઠનને અંતે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ધ્વનિલ પારેખે કર્યું હતું.

## રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મ. ગ્રંથાલયમાં 'રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ' અન્વયે તા. ૧૪-૧૧-૨૦૧૧થી ૨૦-૧૧-૨૦૧૧ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તા. ૧૪મીએ જવાહરલાલ નહેરુના જન્મદિન નિમિત્તે જવાહરલાલ નહેરુવિષયક નિબંધ-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપ્તિ શાહે સ્વાગત કર્યું હતું અને શ્રી કલ્પનાબહેન પરીખે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ સ્પર્ધામાં ઓગણીસ બાળકોએ ભાગ લીધો હતો. તા. ૧૫-૧૧-૨૦૧૧ના રોજ કૌશલ્યસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમર્થ, સહયોગ અને સી.એસ.ડી. સંસ્થાના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી રૂપાબહેન શેઠે સ્વાગત કર્યું હતું. શ્રી કલ્પનાબહેનના સૌજન્યથી શ્રી પ્રતીકભાઈ અને શ્રી સૌમ્યાબહેને આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું, જેમનું પરિષદનું પુસ્તક આપી અભિવાદન કર્યું હતું. બાળકો પાસે ચિત્ર દોરાવ્યાં, નૃત્ય કરાવ્યું, ગીતો ગવડાવ્યાં – જેવી વિવિધ પ્રવૃત્તિ કરાવી. ભાગ લેનાર બાળકોને ફાઈલ, પેન, પેન્સિલ ભેટ રૂપે આપી હતી. આભારવિધિ ગંગારામ વાઘેલાએ કરી હતી. તા. ૧૯-૧૧-૨૦૧૧ના રોજ શનિવારે અંધ-કન્યા પ્રકાશગૃહની બાળાઓ તેમના શિક્ષકો સાથે આવી હતી. તેઓએ દૃષ્ટિમર્યાદા હોવા છતાં નાટક, નૃત્ય, ગીત તેમજ ગરબાની ખૂબ સુંદર અને નોંધપાત્ર રજૂઆત કરી હતી. તા. ૨૦-૧૧-૨૦૧૧ના રોજ ચિત્ર-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન અને નિર્ણય શ્રી કલ્પનાબહેન પરીખે આપ્યો હતો. શ્રી કલ્પનાબહેન પરીખ તરફથી બાળકાર્યક્રમ નિમિત્તે રૂ. ૩,૦૦૦ અને ગ્રંથાગાર તરફથી શ્રી નાનકભાઈએ ગ્રંથસપ્તાહના બાળકાર્યક્રમ નિમિત્તે રૂ. ૫૦૦ ભેટ આપ્યા હતા.

**– ગંગારામ વાઘેલા, દીપ્તિ શાહ**

## જેલમાં વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા. ૧૯-૧૧-૨૦૧૧ના રોજ અમદાવાદની મધ્યસ્થ જેલમાં 'હાસ્યજીવન' કાર્યક્રમ અંતર્ગત શ્રી નિરંજન ત્રિવેદીએ બાલ્યાવસ્થાના

તોફાનો અને ટીખળ પ્રવૃત્તિ વિશે વાત કરી હતી તેમજ શ્રી રતિલાલ બોરીસાગરે 'એન્જ્યોગ્રાફી' અને 'એનજોયગ્રાફી' વિશે રમૂજી વાતો કરી હતી. શ્રી ભરતભાઈ પાઠકે એક રિક્ષાવાળા પર લખેલી કવિતા વાંચી હતી. કાર્યક્રમના અંતે શ્રી ભરતભાઈ લિંબચિયાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગંગારામ વાઘેલાએ કર્યું હતું. આ ઉપરાંત મોડાસા સબ જેલમાં 'જીવન : એક રંગભૂમિ'નું આયોજન શ્રી કમલેશ પટેલ, વડોદરા મધ્યસ્થ જેલમાં 'હાસ્યનાટક અને દેશભક્તિગીત'નું આયોજન શ્રી હેમંત ગોહિલ અને અન્ય સાથીમિત્રો, પોરબંદર જેલમાં 'ગ્રંથપરિચય'નું આયોજન શ્રી નરોત્તમ પલાણ, નડિયાદ જિલ્લા જેલમાં 'કાવ્યપઠન'નું આયોજન શ્રી હસિત મહેતા અને શ્રી ભાવિકાબહેન પારેખ, સુરેન્દ્રનગર સબ જેલમાં રૂ. ૨૫,૦૦૦/-નાં પુસ્તકો ભેટ આપ્યાં અને 'વાર્તાપઠન'માં શ્રી ચંદ્રકાન્ત વ્યાસ, રમેશ આચાર્ય, બકુલ દવે, અતુલ વ્યાસ, ગિરીશ ભટ્ટ, તલકશી પરમાર અને અને પંકજ ત્રિવેદીએ સ્વરચિત વાર્તાઓનું પઠન કર્યું. શ્રી પી. કે ગઢવી જેલ અધિક્ષકે સુંદર સંચાલન કર્યું., જામનગર જિલ્લા જેલમાં 'કાવ્યપઠન'નું આયોજન શ્રી મનોજ જોશી, ગોંડલ સબ જેલમાં 'સંતવાણી'નું આયોજન શ્રી નિરંજન રાજ્યગુરુ, હિંમતનગર સબ જેલમાં 'કાવ્યપઠન'નું આયોજન શ્રી ઉત્પલ પટેલ, ભરૂચ સબ જેલમાં 'વાર્તાપઠન'નું આયોજન શ્રી નરોત્તમ વાળંદ, નરસિંહ ઉજમલા, અસિમ પીઠવા, ભગુભાઈ ભિમડા, શ્રી હરિવદન જોશી, નિતિન દવે વગેરે સાહિત્યકાર મિત્રો અને મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું.

**– ગંગારામ વાઘેલા**

## શ્રદ્ધાંજલિ

નજીકના સમયમાં દિવંગત થયેલા પ્રિયકાન્ત પરીખ, હેમંત દેસાઈ, ભૂપત વડોદરિયા, દુષ્યંત પંડ્યા, ઉશનસ્, અતુલ સવાણી, રસિક મહેતા, મંગુભાઈ પટેલને ગુજરાતી સાહિત્ય પરિષદ વતી ૧૫-૧૧-૨૦૧૧ના રોજ શ્રદ્ધાંજલિ આપતી શોકસભા યોજાઈ હતી. જેમાં ગુજરાતી સાહિત્યના અગ્રણી સાહિત્યકારોએ હાજરી આપી હતી. પ્રકાશ ન. શાહ, ધૂની માંડલિયા, પ્રફુલ્લ રાવલ, રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર પટેલ વગેરેએ દિવંગત સાહિત્યકારોને શાબ્દિક અંજલિ આપી શોક વ્યક્ત કર્યો હતો. અંતે શોકઠરાવ વાંચીને સૌએ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

**– વિભા ત્રિવેદી**

## તા. ૨૨-૧૨-૨૦૧૧ના રોજ અધિવેશન પૂર્વસંધ્યાનો કાર્યક્રમ

સમય : સાંજે ૬.૦૦થી ૮.૩૦

## રૂપાયતન ષષ્ઠીપૂર્તિ નિમિત્તે 'પ્યારા બાપુ' (સામયિક) કૃતિવિશેષનું લોકાર્પણ

લોકાર્પણ : શ્રીમતી નીલાબહેન નવનીતભાઈ ગાંધી

અધ્યક્ષ : શ્રી નારાયણ દેસાઈ

અતિથિવિશેષ : શ્રી પરિમલ નથવાણી, નીતિન શુક્લ, હર્ષદ ત્રિવેદી

પ્રેમાશિષ : પૂ. મોરારિબાપુ

ગિરિવંદના અને

ગુજરાતી કાવ્યસંગીત : સર્વશ્રી અસિત દેસાઈ, હેમાંગિની દેસાઈ, આલાપ દેસાઈ, હસમુખ બારડિયા અને કલ્યાણી કોઠારકર

તા. ૨૨-૧૨-૨૦૧૧ના રોજ ભોજન અને નિવાસની વ્યવસ્થા કરવામાં આવેલ છે તો દરેક ડેલિગેટ સભ્યોને હાજર રહેવા વિનંતી.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના છેંતાલીસમા અધિવેશન રૂપાયતનના યજમાનપદે; જૂનાગઢ મુકામે તારીખ : ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૧ના ત્રણ દિવસ યોજાશે. અધિવેશનના પ્રમુખ તરીકે મૂર્ધન્ય સાહિત્યકાર ઉત્તમ નિબંધકાર-અનુવાદક અને વિવેચક શ્રી ભોળાભાઈ પટેલ હશે. અધિવેશનના અતિથિવિશેષ તરીકે ઓડિયા ભાષાના સર્જક શ્રી મનોજ દાસ ઉપસ્થિત રહેશે.

### બેઠક પહેલી :

ઉદ્‌ઘાટન-સમારંભ : તા. ૨૩-૧૨-૨૦૧૧ શુક્રવાર, સવારે ૧૦.૦૦થી ૧૨.૩૦

અધિવેશન-સ્થળ : રૂપાયતન, ગિરિતળેટી, ભવનાથ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૨૭૫૭૩

| | | |
|---|---|---|
| (૧) | ગીત : જય જય ગરવી ગુજરાત | : સંગીતટુકડી |
| (૨) | સ્વાગતમંત્રીનું ઉદ્‌બોધન | : શ્રી હેમંત નાણાવટી |
| (૩) | સ્વાગતપ્રમુખનું ઉદ્‌બોધન | : શ્રી પ્રફુલ્લચંદ્ર નાણાવટી |
| (૪) | મહેમાનોનું સ્વાગત | : |
| (૫) | પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ | : શ્રી રાજેન્દ્ર પટેલ |
| (૬) | નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને કાર્યભારની સોંપણી | : શ્રી ભગવતીકુમાર શર્મા<br>શ્રી ભોળાભાઈ પટેલ |
| (૭) | પ્રમુખશ્રીનો પરિચય | : શ્રી રઘુવીર ચૌધરી |
| (૮) | પ્રમુખશ્રીનું વક્તવ્ય | : શ્રી ભોળાભાઈ પટેલ |
| (૯) | અતિથિવિશેષશ્રીનો પરિચય | : શ્રી રાજેન્દ્ર પટેલ |
| (૧૦) | અતિથિવિશેષશ્રીનું વક્તવ્ય | : શ્રી મનોજ દાસ |
| (૧૧) | પ્રાસંગિક | : શ્રી અનિલા દલાલ, શ્રી નરોત્તમ પલાણ |
| (૧૨) | સમાપન વક્તવ્ય | : શ્રી મોરારિબાપુ |
| (૧૩) | આભારદર્શન (યજમાન સંસ્થા) | |

### બેઠક બીજી : તા. ૨૩-૧૨-૧૧ શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૩૦
### સર્જન વિભાગ : સાહિત્યસ્વરૂપ – ટૂંકી વાર્તા

વિભાગીય અધ્યક્ષ : શ્રી કિરીટ દૂધાત

સર્જક વક્તાઓ : શ્રી સુવર્ણાબહેન, શ્રી મોહન પરમાર, શ્રી કાનજી પટેલ

સંચાલન : શ્રી વર્ષા અડાલજા

**બેઠક ત્રીજી : તા. ૨૩-૧૨-૧૧ શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦**

**આસ્વાદ**

વિભાગીય અધ્યક્ષ : શ્રી અમર ભટ્ટ

સંચાલન : શ્રી માધવ રામાનુજ

**બેઠક ચોથી : તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૩૦**

**વિવેચન-સંશોધન વિભાગ**

વિભાગીય અધ્યક્ષ : શ્રી દીપક મહેતા

વક્તાઓ : શ્રી રવીન્દ્ર પારેખ, શ્રી જયેશ ભોગાયતા,
શ્રી કિશોર વ્યાસ

સંચાલન : શ્રી પ્રફુલ્લ રાવલ

**બેઠક પાંચમી : તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦**

**પરિસંવાદ : ભાષાકીય કટોકટી**

વિભાગીય અધ્યક્ષ : શ્રી અવધેશકુમાર સિંઘ

ટેક્નૉલોજી અને ભાષા : શ્રી રૂપલ મહેતા

શિક્ષણ અને ભાષા : શ્રી રવીન્દ્ર દવે

સંસ્કૃતિ અને ભાષા : શ્રી ગુણવંત શાહ

માધ્યમો અને ભાષા : શ્રી વિષ્ણુ પંડ્યા

સંચાલન : શ્રી રતિલાલ બોરીસાગર

**યજમાન સંસ્થા : તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦**

**સાંસ્કૃતિક કાર્યક્રમ :** સંચાલન : શ્રી જનક નાયક

તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**બેઠક છઠ્ઠી : તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

**સોરઠની સર્જનસંપદા**

વિભાગીય અધ્યક્ષ : શ્રી લાભશંકર પુરોહિત

સોરઠી લોકસાહિત્ય ચારણી સાહિત્ય : શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી

સોરઠી સંતસાહિત્ય : શ્રી નિરંજન રાજ્યગુરુ

સોરઠી અર્વાચીન સાહિત્ય : શ્રી નીતિન વડગામા

સંચાલન : શ્રી હેમંત નાણાવટી

**બેઠક સાતમી : તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, બપોરે ૧૧.૩૦થી ૧.૦૦**

– ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન-બેઠક

– ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ

– બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક

રૂ. ૨૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૧૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૩૦૦/- થશે.

વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.)

ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૨૦૧૧ સુધીમાં પરિષદ કાર્યાલય અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

## પરિષદના આગામી કાર્યક્રમો

(સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ)

r **પાક્ષિકી – સંયોજક : દીવાન ઠાકોર**

તા. ૧૫-૧૨-૨૦૧૧, ગુરુવાર. સાંજે ૬.૦૦ કલાકે, નારન બારૈયા વાર્તાપઠન કરશે.
તા. ૫-૧-૨૦૧૨, ગુરુવાર. સાંજે ૬.૦૦ કલાકે, શ્રી ઊજમશી પરમાર વાર્તાનું પઠન કરશે.

r **સર્જક સાથે સંવાદ – સંયોજક : ધ્વનિલ પારેખ, ભરત સાધુ**

તા. ૧૭-૧૨-૨૦૧૧, શનિવાર. સાંજે ૬.૦૦ કલાકે, નવોદિત લેખકોની અપ્રકાશિત કૃતિઓનું પઠન અને ચર્ચા

r **દલિત સાહિત્યવિમર્શ – સંયોજક : ચંદુ મહેરિયા**

તા. ૧૮-૧૨-૨૦૧૧, રવિવાર. સાંજે ૫.૦૦ કલાકે, ડૉ. સુનીલ જાદવ સંપાદિત ‘દલિત સંતધારા’ વિશે નીરવ પટેલ અને ચારુલકુમાર ચૌહાણ લિખિત ‘વીર માયા અમરચરિત્ર’ વિશે ડૉ. નરેન્દ્ર પરમાર વક્તવ્ય આપશે.

r **એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ – સંયોજક : પ્રજ્ઞા પટેલ, પારુલ દેસાઈ**

તા. ૨-૧-૨૦૧૨, સોમવાર. બપોરે ૪.૦૦ કલાકે, અપ્રકાશિત કૃતિઓનું પઠન

r **અનુવાદ-અભિમુખતા – સંયોજક : રૂપા શેઠ, વિભા ત્રિવેદી**

તા. ૧૦-૧-૨૦૧૨, મંગળવાર. સાંજે ૬.૦૦ કલાકે, ઉત્તમ અનુવાદોનું પઠન અને ચર્ચા.

r **ગ્રંથ સાથે ગોઠડી – સંયોજક : હરીશ ખત્રી, ઇતુભાઈ કુરકુટિયા**

તા. ૬-૧-૨૦૧૨, શુક્રવાર. સાંજે ૬.૦૦ કલાકે, શ્રી સુધાબહેન મહેતા અગાથા વોન ટ્રેપ-લિખિત ‘ધ સાઉન્ડ ઑફ મ્યુઝિક’ પુસ્તકનો આસ્વાદ કરાવશે.

r **વિશ્વકવિતા કેન્દ્ર**

તા. ૭/૧૪/૨૧/૨૮/-૧૨-૨૦૧૧, બુધવાર. સાંજે ૭.૦૦ કલાકે, બુધસભા

r **જેલમાં વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમ – સંયોજક : ગંગારામ વાઘેલા, ભાવેશ ભટ્ટ**

તા. ૧૭-૧૨-૨૦૧૧, સવારે ૮.૩૦ કલાકે

(૧) રાજકોટ જેલ – નીતિન વડગામા ‘કાવ્યપઠન’

(૨) વડોદરા જેલ – નિવ્યા પટેલ, પીયૂષ ઠક્કર, બ્રિજ પાઠક ‘કાવ્યપઠન’

(૩) મોડાસા જેલ – કમલેશ પટેલ ‘વાર્તાપઠન’

(૪) ગોંડલ જેલ – નિરંજન રાજ્યગુરુ ‘પુસ્તક પરિચય’

(૫) અમદાવાદ મધ્યસ્થ જેલ – સંતવાણી – ગંગારામ વાઘેલા અને અન્ય

## પરિષદને મળેલ દાન

**(૧) રવીન્દ્ર ભવનમાં મળેલ દાનની વિગત :**

| | | |
|---|---|---|
| નયનાબહેન હઠીસિંગ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| શ્રી કે. એલ. મજમુદાર) | અમદાવાદ | ૨,૫૦૦/- |

**(૨) સ્થાયી ફંડ માટે મળેલ દાન :**

| | | |
|---|---|---|
| સુકુમાર એમ. પરીખ | અમદાવાદ | ૫,૦૦૦/- |

**(૩) સાદું દાન :**

| | | |
|---|---|---|
| ઠાકોરભાઈ ગોવિંદલાલ શાહ ફેમિલી ટ્રસ્ટ | અમદાવાદ | ૩,૦૦,૦૦૦/- |

**(૪) ચિ. મં. ગ્રંથાલયમાં રાષ્ટ્રીય ગ્રંથસપ્તાહ ઉજવણી માટે મળેલ દાન :**

| | | |
|---|---|---|
| કલ્પનાબહેન પરીખ | અમદાવાદ | ૩,૦૦૦/- |
| હંસાબહેન પટેલ (ગ્રંથાગાર) | અમદાવાદ | ૫૦૦/- |

r

---

## શાન્તિસૂક્ત

**ક્યાંય ના જરી ક્લેશ હો ને ક્યાંય ના જરી કલાન્તિ હો,**
**સર્વને હો તાજગી, પ્રાતઃ ફૂલોની શાન્તિ હો;**
**વ્યોમમાં યે શાન્તિ હો, ને ભોમમાં યે શાન્તિ હો,**
**વ્યોમભોમની મધ્ય રોમેરોમ સોમશી શાન્તિ હો.**
**પૃથ્વી તો કંપે હજીયે, એ પૂરી જંપી નથી,**
**હો ધરીમાં સ્નિગ્ધતા, ને ક્ષુબ્ધતાને શાન્તિ હો;**
**એક જે હતું પૂર્ણ તે અવ કણકણોમાં ચૂર્ણ છે,**
**ને પૂર્ણપણમાં હોય એ હર ચૂર્ણ કણમાં શાન્તિ હો;**
**ભવભવોમાં જો ભટકવું છે લખ્યું આ ભાગ્યમાં,**
**તો ભાગ્યને પણ શાન્તિ હો, ને ભ્રાન્તિમાંયે શાન્તિ હો;**
**પંચભૂતોની મહીં ને સર્વ ઋતુના ઋત મહીં**
**સંક્રાન્તિમાં યે શાન્તિ હો ને ક્રાન્તિમાંયે શાન્તિ હો;**
**શપ્ત શાં સંતપ્ત રણ, નિઃસૂર્ય અંધારાં વનો,**
**એ રણોશાં, એ વનોશાં સૌ મનોમાં શાન્તિ હો;**
**કેટલું બધું દુઃખ ઉશનસ્ ! ચેતનાથી ચિત્તને !**
**એ દેહને યે શાન્તિ હો, એ ચેહનેયે શાન્તિ હો.**

(‘શબ્દ મેં પ્રેમ ભણી વાળ્યો છે’ પૃ.૧૨૭) **– ઉશનસ્**

**સંકલન : ભરત સાધુ**

## શ્રી મધુસૂદન ઢાંકીને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ સમારોહ

તા. ૧૯-૧૧-૨૦૧૧ના રોજ પુરાતત્ત્વવિદ્ શ્રી મધુસૂદન ઢાંકીને સંસ્થાપ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયો. આ પ્રસંગે શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી હેમંત દવે અને શ્રી યોગેશ જોષીએ વક્તવ્ય રજૂ કર્યાં હતાં. ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ પ્રસંગોચિત વક્તવ્ય તથા શ્રી મધુસૂદન ઢાંકીએ પ્રતિભાવ-વક્તવ્ય રજૂ કર્યાં હતાં.

## બે વિશિષ્ટ વ્યાખ્યાનો

તા. ૨૬-૯-૨૦૧૧ના રોજ ગુજરાત વિશ્વકોશભવનમાં શ્રી ગિરિરાજ કિશોરે ‘પહેલો ગિરમીટિયો’ વિશે પોતાની કેફિયત આપી હતી. તથા શ્રી અશોક વાજપેયીએ અત્યારે વિશ્વમાં ચાલી રહેલાં યુદ્ધક્રાંતિ, બળવો, હિંસક ક્રાંતિ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## સુરેશ જોષી સાહિત્યવિચાર ફૉરમનો ૨૭મો વાર્તાશિબિર યોજાયો

તા. ૫/૬ નવેમ્બર, ૨૦૧૧ના રોજ ‘સુરેશ જોષી સાહિત્ય વિચાર ફૉરમ’ અને ‘પ્રેમની પરબ’ – શ્રી રાજસોભાગ આશ્રમ, સાયલાના સંયુક્ત ઉપક્રમે ફૉરમનો ૨૭મો વાર્તાશિબિર યોજાયો. જેમાં ગુજરાતના ૧૭ વાર્તાકારોએ મૌલિક અને તાજી વાર્તાઓનું પઠન કર્યું હતું.

## અમેરિકામાં ગુજરાતી સંસ્કૃતિના અભ્યાસકેન્દ્રનું ઉદ્ઘાટન

તા. ૧૯-૯-૨૦૧૧ના રોજ યુ.એસ.એ.ના ફ્લોરિડા રાજ્યના પ્રમુખ વિશ્વવિદ્યાલય-યુનિવર્સિટી ઑફ ફ્લોરિડા, ગેઇનસવિલમાં ગુજરાતી સંસ્કૃતિના અભ્યાસ અને સંશોધન કેન્દ્ર, Gujarat Region Culture Programનું ઉદ્ઘાટન થયું.

## ઇલેક્ટ્રૉનિક લાયબ્રેરીનું ઉદ્ઘાટન

તા. ૧૧-૧૧-૨૦૧૧ના રોજ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ભારતરત્ન ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે ભારતીય સંસ્કૃતિના અધ્યયન, સંશોધન, પ્રાચીન હસ્તલિખિત દુર્લભ ગ્રંથનું સંરક્ષણના ક્ષેત્રમાં અગ્રણી સંસ્થા લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં ઇલેક્ટ્રૉનિક લાયબ્રેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ડૉ. કલામે ધર્મમાં આધ્યાત્મિકતા વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

r

# ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો



[**'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૫'** : સં. રમેશ ર. દવે, બી.આ. ૨૦૧૧, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૧૪+૪૯૪, રૂ. ૩૨૫]

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૫'નું સંપાદન રમેશ ર. દવેએ કર્યું છે. આ ગ્રંથ ઈ.સ. ૧૮૯૫થી ૧૯૩૫ સુધીના સમયગાળાના કવિઓ અને પ્રવાહોને સમાવતો ઇતિહાસગ્રંથ છે. આ ગ્રંથ ગુજરાતી કવિતા-સાહિત્યની તસવીર રજૂ કરે છે. આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ૨૦૦૫માં પ્રગટ થઈ હતી અને માત્ર છ વર્ષના ગાળામાં આ ઇતિહાસગ્રંથ અપ્રાપ્ય થયો, તે આ ગ્રંથની ગુજરાતી સાહિત્યના અભ્યાસુ માટેની મહત્તાનો નિર્દેશ કરે છે. સંદર્ભગ્રંથ તરીકે આ ગ્રંથનો અભ્યાસીવર્ગમાં જે વિનિયોગ થઈ રહ્યો છે તેની આ પ્રતીતિ છે. ગુજરાતી ભાષાના અભ્યાસુની ભાવનાને ધ્યાનમાં રાખીને આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રગટ કરી છે. ગુજરાતી સાહિત્યના અભ્યાસુને આ ઇતિહાસગ્રંથ અત્યંત ઉપયોગી બનશે, તેવી આશા વ્યક્ત કરીએ છીએ.



[**'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૬'** : સં. રમેશ ર. દવે, બી.આ. ૨૦૧૧, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૧૮+૭૩૪, રૂ. ૪૭૦]

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૬'નું સંપાદન રમેશ ર. દવેએ કર્યું છે. આ ગ્રંથ ઈ.સ. ૧૮૯૫થી ૧૯૩૫ સુધીના સમયગાળાના ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્ય-સર્જકોને સમાવતો ઇતિહાસગ્રંથ છે. ગ્રંથનો આરંભ પન્નાલાલ પટેલ, જયંત ખત્રી વગેરેથી શરૂ થઈ રસિક ઝવેરી સુધીનાં ગદ્યસર્જકોને આવરી લે છે. આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ૨૦૦૬માં પ્રગટ થઈ હતી અને માત્ર પાંચ વર્ષના ગાળામાં આ ગ્રંથ અપ્રાપ્ય થયો. આ ગ્રંથ ગુજરાતી સાહિત્યના અભ્યાસુ માટે સંદર્ભગ્રંથની ગરજ સારે છે. અભ્યાસુની આ ભાવનાની નોંધ લઈને ગુજરાતી સાહિત્ય પરિષદે તેની બીજી આવૃત્તિ પ્રગટ કરી છે. ગુજરાતી ભાષાના અભ્યાસુ માટે આ ગ્રંથ સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગી નીવડશે. પરિષદના આ પ્રકાશનને આપણે સૌ આવકારીએ.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭

# ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'ભાષાવિમર્શ લેખસંચય'** : સં. હર્ષવદન ત્રિવેદી, પ્ર.આ. ૨૦૧૧, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૨૪+૧૯૨, રૂ. ૧૪૦]

'ભાષાવિમર્શ લેખસંચય' પુસ્તક મેઘાણી જ્ઞાનપીઠ પ્રકાશનશ્રેણીનું ૧૦મું પુસ્તક છે. આ પુસ્તકનું સંપાદન શ્રી હર્ષવદન ત્રિવેદીએ કર્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદે ઈ. સ. ૧૯૭૮થી ૧૯૮૯ સુધી 'ભાષાવિમર્શ' જેવા મહત્ત્વના સામયિકનું પ્રકાશન કર્યું હતું. સામયિકના આદ્યસંપાદક સ્વ. ડૉ. હરિવલ્લભ ભાયાણી સળંગ પાંચ વર્ષ તંત્રીપદે રહ્યા હતા. ભાયાણીસાહેબના સમયગાળામાં ભાષાવિષયક મહત્ત્વના લેખો પ્રકાશિત થયા હતા. જેમાંના કેટલાક વિરલ લેખો આજે પણ અગ્રંથસ્થ છે. આવા કેટલાક મહત્ત્વના લેખોનું સંપાદન ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે. આ સંપાદન ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ, અભ્યાસુઓને અત્યંત ઉપયોગી નીવડશે. આપણે સૌ આ સંપાદનને આવકારીએ.




[**'સામયિક લેખસૂચિ'** : સંપાદક : કિશોર વ્યાસ, પ્ર. આ. ૨૦૧૧, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૧૨+૩૦૪, રૂ. ૨૦૦/-]

'સામયિક લેખસૂચિ ૨૦૦૬-૨૦૧૦'નું પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા કરવામાં આવ્યું છે. આ સામયિક લેખસૂચિનું સંપાદન શ્રી કિશોર વ્યાસે કર્યું છે. આ લેખસૂચિમાં ગુજરાતી ભાષાનાં ૩૦ જેટલાં નોંધપાત્ર સામયિકોમાં પ્રગટ થયેલા લેખોની માહિતી આપવામાં આવી છે. આ સામયિક લેખસૂચિમાં લેખો ૧૪ જેટલા વિભાગો અને તેના પેટાવિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. આ સૂચિ સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી થશે, તેવી આશા છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭